

કામકાજનો ટૂંકો અહેવાલ

આઠમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

(તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
૧૯૯૧



કામકાજનો ટૂંકો અહેવાલ

આઠમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

(તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
૧૯૯૧

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં આઠમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર (તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર, તા. ૧૬—૮—૧૯૯૧

પુ. ના. ઠક્કર.
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧.	આઠમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર (૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧)માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ. ...	... ૧
૨.	પત્રક ક્રમાંક—૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી	... ૩૫
૩.	પત્રક ક્રમાંક—૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય.	... ૩૬
૪.	પત્રક ક્રમાંક—૩ સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી.	... ૩૮
૫.	પત્રક ક્રમાંક—૪ સભ્યોની તારીખવાર હાજરી.	... ૪૫
૬.	પત્રક ક્રમાંક—૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)	... ૪૮
૭.	પત્રક ક્રમાંક—૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	... ૫૦
૮.	પત્રક ક્રમાંક—૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	... ૫૨
૯.	પત્રક ક્રમાંક—૮ અતાકાંરિત પ્રશ્નોની વિભાગવાર માહિતી, (આંકડામાં)	... ૫૬
૧૦.	પત્રક ક્રમાંક—૯ જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી.	... ૬૦
૧૧.	પત્રક ક્રમાંક—૧૦ દાખલ કરવાનાં સરકારી વિધેયકો.	... ૬૬
૧૨.	પત્રક ક્રમાંક—૧૧ પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના સરકારી વિધેયકો.	... ૭૦
૧૩.	પત્રક ક્રમાંક—૧૨ વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો.	... ૭૬
૧૪.	પત્રક ક્રમાંક—૧૩ દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો. ...	... ૭૮

૧૫. પત્રક ક્રમાંક—૧૪ પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના (નિકાલ થયેલા) બિન-સરકારી વિધેયકો. ૮૪

૧૬. પત્રક ક્રમાંક—૧૫ પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો. ૮૬

૧૭. પત્રક ક્રમાંક—૧૬ સને ૧૯૯૧--૯૨ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાએલી માગણીઓ. ૮૮

૧૮. પત્રક ક્રમાંક—૧૭ સને ૧૯૯૦--૯૧ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાએલી માગણીઓ. ૯૪

૧૯. પત્રક ક્રમાંક—૧૮ ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧) ૯૮

૨૦. પત્રક ક્રમાંક—૧૯ ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) ૧૦૦

૨૧. પત્રક ક્રમાંક—૨૦ બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭) ૧૦૪

૨૨. પત્રક ક્રમાંક—૨૧ નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી. ... ૧૦૬

૨૩. પત્રક ક્રમાંક—૨૨ સભાગૃહની જુદી જુદી સમિતિઓ ઉપર માન. અધ્યક્ષશ્રીએ તા. ૨૨--૪--૧૯૯૧ના રોજ નિમેલ સભ્યો. ૧૧૦

૨૪. પત્રક ક્રમાંક—૨૩ સભાગૃહની એડહોક સમિતિની રચના. ૧૧૬

૨૫. પત્રક ક્રમાંક—૨૪ ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી. ૧૧૭

૨૬. પત્રક ક્રમાંક—૨૫ રોજેરોજના કામકાજનો સારાંશ ૧૨૩

૨૭. પત્રક ક્રમાંક—૨૬ વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો ... ૧૮૮

૨૮. પત્રક ક્રમાંક—૨૭ વિભાજન. ૨૧૦

૨૯. પત્રક ક્રમાંક—૨૮ શોકદર્શક ઉલ્લેખ. ૨૧૧

૩૦. પત્રક ક્રમાંક—૨૯ વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા. ૨૧૨

આઠમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

આઠમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર સોમવાર, તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ શરૂ થયું હતું અને બુધવાર, તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૩૦ દિવસ મળી હતી અને તેમાં ૩૧ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૩૨ કલાક અને ૧૪ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદાં જુદાં કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન-સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક—૧માં આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક—૨માં આપવામાં આવ્યા છે.

હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૭૫ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૫૧ હતી. સરેરાશ હાજરી ૬૭ ટકા હતી. દરેક સભ્યે કેટલી બેઠકોમાં હાજરી આપી તે પત્રક ક્રમાંક—૩માં તથા દરેક બેઠકમાં કેટલા સભ્યોએ હાજરી આપી તે પત્રક ક્રમાંક—૪માં દર્શાવવામાં આવી છે.

અધ્યક્ષશ્રીની ચૂંટણી

૪. વિધાનસભાના સભ્યશ્રી હિંમતલાલ ત્રિભોવનદાસ મુલાણીની તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ વિધાનસભાના અધ્યક્ષ તરીકે વિના વિરોધે પસંદગી કરવામાં આવી હતી.

પ્રમુખોની પેનલ

૫. સભાગૃહમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરી દરમ્યાન અધ્યક્ષની કામગીરી કરવા માટે પ્રમુખોની પેનલ ઉપર અધ્યક્ષશ્રીએ, તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ નીચેના પાંચ સભ્યોની નિમણૂંક કરી હતી.

૧. શ્રી ભોળાભાઈ પટેલ,
૨. શ્રી સુભાષચંદ્ર શેલત,
૩. શ્રી દિલીપભાઈ પરીખ
૪. શ્રી જયનારાયણ વ્યાસ
૫. શ્રી શકિતસિંહ ગોહિલ.

રાજ્યપાલશ્રીનું સંબોધન

૬. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૭૬(૧) અનુસાર રાજ્યપાલશ્રીએ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ બપોરના ૧૨--૦૦ વાગે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યું હતું. તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભ્યશ્રી ભોળાભાઈ પટેલે રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યા બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેનું સમર્થન સભ્યશ્રી છગનભાઈ પટેલે કર્યું હતું. રાજ્યપાલશ્રીના સંબોધન પર તા. ૧૫મી, ૧૮મી તથા ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૪૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો હતો. પ્રસ્તાવ ઉપર ૨૭ સુધારાની સૂચનાઓ મળી હતી. ચર્ચાને અંતે સભાગૃહે મૂળ સ્વરૂપમાં પ્રસ્તાવ પસાર કર્યો હતો.

ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો

૭. સત્ર દરમ્યાન ૬૮ ટૂંકી મુદતના, ૪૮૪૫ તારાંકિત અને ૧૯૪ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની માહિતી પત્રક ક્રમાંક ૫, ૬, ૭ અને ૮માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી અને તેમાંથી જે તે મંત્રીશ્રીના ગૃહમાં કેટલા પ્રશ્નો ચર્ચાયા તેની માહિતી પત્રક ક્રમાંક૯માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો વિગતવાર કાર્યક્રમ તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૧ થી તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૧ સુધીનો કુલ ૩૦ દિવસ માટે નક્કી કરવામાં આવ્યો હતો પરંતુ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો મુજબ તા. ૨૮મી ફેબ્રુ આરી, ૧૯૯૧ના રોજ હાથ ન ધરી શકાયેલી પ્રશ્નોત્તરી તારીખ ૫મી માર્ચ, ૧૯૯૧ના રોજ પહેલી બેઠકમાં રાખવામાં આવી હતી. જ્યારે તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૧ના રોજ ગૃહમાં ધાંધલ--ધમાલ થતાં તે દિવસની તારાંકિત પ્રશ્નોત્તરી ગૃહમાં હાથ ધરી શકાઈ ન હતી અને યાદીમાંના તમામ પ્રશ્નો અને તેના જવાબોને સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા લેખિત જવાબો તરીકે ગણવામાં આવ્યા હતા. સભાગૃહની કુલ ૩૧ બેઠકોમાં ૩૦ દિવસની પ્રશ્નોત્તરી સભાગૃહમાં રજુ કરવામાં આવી હતી.

આઠમી ગુજરાત વિધાનસભાનું ત્રીજું સત્ર પૂરું થયા પછી અને ચોથા સત્રના છેલ્લા દિવસ સુધીમાં અતારાંકિત પ્રશ્નોની કુલ ૧૯૪ સૂચનાઓ મળી હતી. તે પૈકી અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૪૭ પ્રશ્નોની એક, ૪૮ પ્રશ્નોની એક, ૪૯ પ્રશ્નોની એક અને ૫૦-૫૦ પ્રશ્નોની એકેક એવી બે યાદીઓ અને નિયમ ૮૭--ક અન્વયે સત્રના છેલ્લા દિવસે સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ ૪૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સહિત કુલ ૨૮૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહમાં રજુ કરવામાં આવ્યા હતા.

પ્રશ્નોત્તરીને લગતી કેટલીક અગત્યની માહિતી નીચે મુજબ છે :—

(૧) ગૃહની કુલ ૩૦ દિવસની ૩૧ બેઠકોમાં ૩૦ દિવસની પ્રશ્નોત્તરી ગૃહમાં રજુ થઈ હતી.

(૨) સત્ર દરમ્યાન ટૂંકી મુદતના કુલ ૧૧ પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા જેમાંથી ૯ પ્રશ્નો ચર્ચાયા હતા.

(૩) સત્ર દરમ્યાન કુલ ૨૧૫૭ તારાંકિત પ્રશ્નો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ ગૃહમાં ધાંધલ-ધમાલ થતાં પ્રશ્નોત્તરી હાથ ધરી શકાઈ ન હતી, સત્ર દરમ્યાન કુલ ૨૮૪ પ્રશ્નોના મૌખિક જવાબો આપવામાં આવ્યા હતા.

(૪) સત્ર દરમ્યાન ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોની કુલ ૩૦ યાદીઓમાંથી વધુમાં વધુ તારાંકિત પ્રશ્નો એટલે કે ૯૮ પ્રશ્નો તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૧ના રોજ અને ઓછામાં ઓછા ૩૮ પ્રશ્નો તારીખ ૪થી માર્ચ, ૧૯૯૧ના રોજની યાદીમાં હતા.

(૫) સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક :—૪૭૨૩ (અગ્રતા-૫) તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ ગૃહમાં રજૂ થયો હતો અને મુલતવી રહ્યો હતો. આ મુલતવી રહેલ પ્રશ્ન તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૧ના રોજ હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ તે દિવસે પણ તે ફરીથી મુલતવી રહ્યો હતો જેને ફરીથી તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૧ના રોજ ગૃહમાં ચર્ચામાં લેવામાં આવ્યો હતો.

અરધા કલાકની સૂચના

૮. સત્ર દરમ્યાન નિયમ-૯૨ અન્વયેની અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવાની ૨૮ સૂચનાઓ મળી હતી જેમાંથી ૭ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૩ સૂચનાઓ ગૃહમાં ચર્ચાઈ હતી.

સરકારી વિધેયકો

દાખલ કરવાનાં સરકારી વિધેયકો

૯. સત્ર દરમ્યાન કુલ ૧૯ વિધેયકો દાખલ કરવા માટેનાં હતાં જે પૈકી ૧૭ વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં જ્યારે ૨ વિધેયકો દાખલ કરી શકાયાં ન હતાં.

(જુઓ પત્રક ક્રમાંક ૧૦)

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો :

૧૦. સત્ર દરમ્યાન કુલ ૧૭ વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં તે પૈકી ૧૪ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. જ્યારે ૩ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં.

(જુઓ પત્રક ક્રમાંક ૧૧)

પસાર થયેલા સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૧૧. વિધેયકોનું વર્ગીકરણ :—

૧.	કેન્દ્ર સરકારના કાયદાને સુધારતાં વિધેયકો	—	૧
૨.	મુંબઈ રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	—	૫
૩.	ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો	—	૪
૪.	નવા વિધેયકો.	—	૪
			૧૪

૧૨. વિષયવાર વર્ગીકરણ :—

૧.	નાણાંકીય બાબતો અને કરવેરાને લગતાં	...	૯
૨.	શિક્ષણને લગતું	...	૧
૩.	ન્યાયતંત્રને લગતું	—	૧
૪.	અન્ય	—	૩
			૧૪

વટહુકમનું સ્થાન લેતાં વિધેયકો

૧૩. સત્ર દરમ્યાન સન ૧૯૯૦ના વટહુકમ ક્રમાંક : ૫ અને ૬ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા અને તેનું સ્થાન લેતાં અનુક્રમે ૧૯૯૧ના વિધેયક ક્રમાંક : ૨ અને ૧ પસાર કરવામાં આવ્યાં હતાં.

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં વિધેયકો

૧૪. સત્ર દરમ્યાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાન-સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.

અ. નં.	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	કોની અનુમતી મળી	મેજ ઉપર મૂક્યા તારીખ
૧	૨	૩	૪
૧.	સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક : ૧૦ સન ૧૯૯૦ના મુંબઈ જુગાર પ્રતિબંધ (ગુજરાત સુધારા) વિધેયક.	રાષ્ટ્રપતિશ્રી	૧૩--૨--૯૧
૨.	સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક : ૧૧ સન ૧૯૯૦ના ભારત બોઈલર (ગુજરાત સુધારા) વિધેયક.	રાષ્ટ્રપતિશ્રી	૧૩--૨--૯૧
૩.	સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૧ સન ૧૯૯૧નું મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૪--૩--૯૧
૪.	સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૨ સન ૧૯૯૧નું ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ)ના પગાર તથા ભથ્થા (સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૪--૩--૯૧
૫.	સન ૧૯૯૧ના વિધેયક ક્રમાંક : ૫ સન ૧૯૯૧નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૧૪--૩--૯૧
૬.	સન ૧૯૯૧ના વિધેયક ક્રમાંક : ૬ સન ૧૯૯૧ના મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૧૪--૩--૯૧
૭.	સન ૧૯૯૧ના વિધેયક ક્રમાંક : ૨૦ સન ૧૯૯૧ના (ગુજરાત : પૂરક) વિનિયોગ વિધેયક.	રાજ્યપાલશ્રી	૧૪--૩--૯૧

વટહુકમો તથા નિવેદનો

૧૧. તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સન ૧૯૯૦ના વટહુકમ ક્રમાંક : ૫ તથા ૬ અને તે વટહુકમ બહાર પાડવાના કારણો સમજાવતા નિવેદન ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

(જુઓ પત્રક ક્રમાંક : "૧૨")

બિન-સરકારી વિધેયકો

૧. દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો

૧૬. સત્ર દરમિયાન કુલ ૧૨ બિન-સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં. જે પૈકીના ૯ વિધેયકો તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ અને ૩ વિધેયકો તા. ૨૧મી માર્ચ, ૧૯૯૧ ના રોજ દાખલ કરવામાં આવ્યા હતા.

(જુઓ પત્રક ક્રમાંક "૧૩")

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

૧૭. અગાઉ દાખલ થયેલાં અને વાંચન માટેનાં બાકી રહેલાં ૩ વિધેયકો તથા ચાલુ સત્રમાં દાખલ થયેલાં ૧૨ વિધેયકો એમ કુલ ૧૫ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતા.

જે પૈકી ૭ વિધેયકો પહેલાં વાંચનના અંતે સભાગૃહની સંમતિથી પાછા ખેંચવામાં આવ્યાં હતાં ૧ વિધેયકનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. જુઓ પત્રક ક્રમાંક ૧૪:૧ વિધેયક પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાયુ નહિ અને ૬ વિધેયકો વાંચન માટે હાથ ધરી શકાયાં ન હતાં. (જુઓ પત્રક ક્રમાંક "૧૫").

દાખલ થયેલાં બિન-સરકારી વિધેયકોનું વર્ગીકરણ

૧૮. વિધેયકોનું વર્ગીકરણ

૧.	મુંબઇ રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો.	૧
૨.	ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૧
૩.	નવાં વિધેયકો	૧૦
		૧૨

૧૯. વિષયવાર વર્ગીકરણ

૧.	જાહેર સેવાને લગતાં.	૬
૨.	ખેતીને લગતું	૧
૩.	શિક્ષણને લગતું	૨
૪.	નશાબંધીને લગતું	૧
૫.	અન્ય	૨
		૧૨

નાણાકીય કામકાજ

૨૦. અંદાજપત્ર

(ક) રજૂઆત.—આઠમી ગુજરાત વિધાનસભાના સોળા સત્રમાં સન ૧૯૯૧--૯૨ ના વર્ષ માટેનું કુલ રૂા. ૬૭,૨૬,૯૫,૩૦,૦૦૦ નું અંદાજપત્ર બુધવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહ સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું જેમાં મતપાત્ર રકમ રૂા. ૫૫,૨૦,૨૬,૭૯,૦૦૦ અને બિન-મતપાત્ર રકમ રૂા. ૧૨,૦૬,૬૮,૫૧,૦૦૦ હતી.

(ખ) સામાન્ય ચર્ચા.—અંદાજપત્ર ઉપર તા. ૨૭મી ફેબ્રુઆરી, ૪થી માર્ચ અને ૫મી માર્ચ, ૧૯૯૧ (બે બેઠકો) સુધી એમ કુલ ચાર બેઠકો દરમિયાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

(ગ) માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન—અંદાજપત્રની કુલ ૫૧ માગણીઓ ઉપર તારીખ ૬,૭,૮,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૫મી માર્ચ, ૧૯૯૧ એમ કુલ ચૌદ દિવસો દરમિયાન સભાગૃહની ચૌદ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ ૯૮ માગણીઓ સભાગૃહની અંદર મંજુરી માટે રજુ કરવામાં આવી હતી અને તેમાંથી ૫૧ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. ચર્ચા માટે પસંદ કરવામાં આવેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી (જુઓ પત્રક ક્રમાંક ૧૬) જ્યારે બાકી ૧ ૪૭ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર હતી. ત્યારબાદ બુધવાર તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧ ના રોજ ગુજરાત વિનિયોગ વિધેયક, ૧૯૯૧ સભાગૃહે પસાર કર્યું હતું.

(ઘ) કાપ દરખાસ્તો—અંદાજપત્રની ચર્ચા માટે પસંદ કરવામાં આવેલી માગણીઓ ઉપર ૯૭૩ કાપદરખાસ્તો આવી હતી. તેમાંથી ૮૮૮ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી, અને બાકીની ૮૫કાપ દરખાસ્તો નામંજુર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલ ૮૮૮ કાપ-દરખાસ્તો પૈકી સરખા વિષયની કાપ દરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોતાં કુલ ૨૮૧ કાપ દરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૧૪ મી માર્ચ, ૧૯૯૧ ના રોજ માગણીઓ પરની ચર્ચાને અંતે રજુ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૭ તથા તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ ના રોજની માગણીઓ પરની કાપદરખાસ્ત ક્રમાંક--૫ સિવાયની કાપદરખાસ્ત એકી સાથે સભાગૃહની અનુમતીથી પાછી ખેંચી લેવામાં આવી હતી જ્યારે કાપ-દરખાસ્ત ક્રમાંક--૫ મત માટે રજૂ કરવામાં આવી હતી જેનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો. તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૧ ના રોજની માગણીઓ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક--૧ સભ્ય શ્રી દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી અને કાપદરખાસ્ત ક્રમાંક : ૨ થી ૯, ૯, ૧૩ થી ૧૬, ૧૮, ૨૦અને ૨૧ રજૂ કરનાર સભ્યશ્રીઓ ગેરહાજર રહ્યા હતા. જ્યારે કાપદર-ખાસ્ત ક્રમાંક--૮, ૧૦ થી ૧૨, ૧૭ અને ૧૯ સભ્યશ્રીઓ દ્વારા ગૃહમાં રજૂ કરવામાં આવી નહોતી.

તે સિવાયના બધા દિવસોએ બધી કાપદરખાસ્તો મત માટે મૂકવામાં આવેલી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

ખર્ચનું પૂરક પત્રક :

૨૧. (ક) રજૂઆત.—સન ૧૯૯૦-૯૧ ના વર્ષ માટેનું રૂ. ૮,૪૮,૪૮,૭૩,૦૦૦નું ખર્ચનું પૂરક પત્રક [illegible] ૧૩ મી ફેબ્રુઆરી ૧૯૯૧ ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જે [illegible] રૂ. ૧૨,૧૦,૯૬,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂ. ૩,૨૨,૯૭,૯૧,૦૦૦ હતી.

(ખ) પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન.—પૂરક માગણીઓ ઉપર તા. ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૧ અને તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૧ એમ કુલ-૨ દિવસ દરમિયાન ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ ૯૮ માગણીઓ સભાગૃહની મંજુરી માટે રજુ કરવામાં આવી હતી. તેમાંથી ૨૪ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. જે સભાગૃહ સમક્ષ મંજુરી માટે રજુ કરવામાં આવતી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૭) જ્યારે બાકી રહેલી તમામ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી. ત્યારબાદ મંગળવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યું હતું.

(ગ) કાપ દરખાસ્તો.—પૂરક માગણીઓ ઉપર કુલ ૭૯ કાપદરખાસ્તો આવી હતી તેમાંથી ૭૮ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૭૮ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૨૪ કાપદરખાસ્તોનો એકત્રિત્ર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાપ દરખાસ્તો જે તે દિવસોએ મત માટે મૂકવામાં આવી હતી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

સભામોકૂફીના પ્રસ્તાવો (નિયમ ૧૦૮)

૨૨. સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ અન્વયેની સભામોકૂફીના પ્રસ્તાવની કુલ-૨ સૂચનાઓ મળી હતી જે બંન્ને સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦)

૨૩. બીજા સત્રમાં દાખલ કરવામાં આવેલા સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાનો નિયમ-૧૦૦ અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ સમયના અભાવે ચોથા સત્રમાં પણ હાથધરી શકાયો ન હતો.

વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ-૧૧૨(૨).]

૨૪. સત્ર દરમિયાન સને ૧૯૯૦ ના વટહુકમ ક્રમાંક ૧ ઉપર બે તથા વટહુકમ ક્રમાંક: ૬ ઉપર ત્રણ એમ કુલ પાંચ સભ્યોના પ્રસ્તાવોની સૂચનાઓ મળી હતી જે દાખલ કરવામાં આવી હતી. જે પૈકી ત્રણ સભ્યોના પ્રસ્તાવો નામંજૂર કરવામાં આવ્યા હતા જ્યારે બે પ્રસ્તાવો રજુ કરવામાં આવ્યા ન હતા:

ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧)

૨૫. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવની ૧૨ સૂચનાઓ મળી હતી, જે પૈકી ત્રણ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલી સુચનાઓ પૈકી એક સૂચનાને કામકાજ સલાહકાર સમિતિએ ચર્ચા માટે પસંદ કરી હતી. જેને તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવી હતી. ચર્ચા બાદ પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો હતો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. બાકીની બે સૂચનાઓ સમયના અભાવે ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી.

આ ઉપરાંત સન ૧૯૯૦ના ગુજરાત વિધાનસભાના સભ્યો (ને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા) બાબતના નિયમોમાં સુધારા સૂચવતા પ્રસ્તાવોની નિયમ ૧૦૧ હેઠળ કુલ ૬ સૂચનાઓ મળી હતી, જે પૈકી ૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને એક સૂચના નામંજુર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓના પ્રસ્તાવો પૈકી તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૧ના રોજ સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજા અને સભ્યશ્રી ઈશ્વરસિંહ ચાવડા સભાગૃહમાં હાજર ન હોવાથી તેમના પ્રસ્તાવો સભાગૃહમાં રજૂ થઈ શક્યા ન હતા. સભ્યશ્રી અશોક ભટ્ટ અને સભ્ય શ્રી પુષ્પદાન ગઢવીએ તેમના પ્રસ્તાવો સભાગૃહમાં રજૂ કર્યા ન હતા. સભ્ય શ્રી સુરેશભાઈ મહેતાએ તેમનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તે પ્રસ્તાવનો ચર્ચાને અંતે અસ્વીકાર કરવામાં આવ્યો હતો. (જુઓ પત્રક ક્રમાંક--૧૮).

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ ૧૦૨)

૨૬. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજુ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૧૦ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનુ બેલેટ તા. ૨૦મી માર્ચ, ૧૯૯૧ના રોજ યોજવામાં આવ્યું હતું બેલેટમાં જેમને અગ્રતા મળી હતી તે સભ્ય શ્રી હરિલાલ નાનજી પટેલે કચ્છ વિકાસ બોર્ડની રચના કરવા બાબતના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં ચર્ચા હતી.

ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

૨૭. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટે કુલ ૪ સૂચનાઓ આવી હતી, જે બધી સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

૨૮. ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ—૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે કુલ ૩૧૧ સુચનાઓ આવી હતી જેમાંથી ૨૪૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૬૯ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓના સભ્યશ્રીઓના નામ જોડતા કુલ ૩૧ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. સભાગૃહ મુલતવી રહેવાથી. સભ્યશ્રીએ મૌન ધારણ કરેલ હોવાથી તેમજ સભ્યશ્રી સાગૃહમાં હાજર ન હોવાથી કુલ ૩ સૂચનાઓ ઉપર નિવેદન થઈ શકયા ન હતા. બાકીની ૨૮ સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદન કર્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક--૧૯)

નિયમ–૪૪ હેઠળ મંત્રીશ્રીઓનાં નિવેદનો

૨૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર ઉદ્યોગ મંત્રીશ્રી શશીકાન્ત લાખાણીએ રાજ્યમાં નવી ઉદ્યોગ નિતીમાં કરાએલા સુધારા' બાબતમાં એક નિવેદન સભાગૃહમાં કર્યું હતું. તા. ૧૫/૨/૧૯૯૧

બિન–સરકારી સંકલ્પો (નિયમ–૧૧૭)

૩૦. બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૨૧મી ફેબ્રુઆરી, તા. ૭મી માર્ચ અને તા. ૨૧મી માર્ચ, ૧૯૯૧ એમ કુલ ત્રણ દિવસો ફાળવવામાં આવ્યા હતા.

ઉપર દર્શાવેલ ત્રણ દિવસો માટે બિન-સરકારી સંકલ્પો રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી અનુક્રમે ૧૬, ૭૯ અને ૬૩ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ અનુક્રમે તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧ અને તા. ૧૨મી માર્ચ, ૧૯૯૧ના રોજ યોજવામાં આવ્યું હતું.

ઉપર દર્શાવેલ ત્રણેય વખતના બેલટમાં અગ્રતા મેળવનાર સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી, જે બધી જ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. (સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામોની વિગત માટે જુઓ પત્રક ક્રમાંક ૨૦).

વિશેષાધિકારભંગના પ્રશ્નો

૩૧. આ સત્ર દરમ્યાન વિશેષાધિકાર ભંગના પ્રશ્નની છ સૂચનાઓ મળી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

સભાગૃહના અવમાનના કિસ્સા

૩૨. (૧) સત્ર દરમ્યાન તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહનું કામકાજ શરૂ થયું કે તરત જ ભારતીય જનતા પક્ષના સભ્યો અને જનતાદળના સભ્યો તરફથી સતત સૂત્રોચ્ચાર થતાં તેમજ આ સભ્યો સભાગૃહની મધ્યમાં આવી જતાં અધ્યક્ષશ્રીએ ગૃહની બેઠક પ્રથમ વખત ૧૧ મિનિટ માટે અને બીજી વખત ૩૦ મિનિટ માટે મુલતવી રાખી હતી. બીજી વખત મુલતવી રહેલી ગૃહની બેઠક ફરી મળી ત્યારે પણ ઉપર્યુકત સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખતાં અને સભાગૃહની મધ્યમાં જમીન ઉપર બેસી જતાં અધ્યક્ષશ્રીએ તેમને ગૃહ છોડી જવા આદેશ આપ્યો હતો. પરંતુ અધ્યક્ષશ્રીના આદેશનું પાલન નહીં થતાં માનનીય અધ્યક્ષશ્રીએ ભારતીય જનતા પક્ષ અને જનતા દળના કુલ ૯ સભ્યશ્રીઓને નામથી સંબોધન કર્યું હતું ત્યારબાદ કાયદા મંત્રી શ્રી શશીકાન્ત લાખાણીએ નામથી સંબોધેલા સભ્યોને તે દિવસ પૂરતાં સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જે સભાગૃહે પસાર કર્યો હતો. ત્યારબાદ પણ જેમના નામ દેવાયા તે સભ્યોએ ગૃહ ન છોડતાં રાને દેખાવો ચાલુ રાખતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ અડધા

કલાક માટે મુલતવી રાખ્યું હતું. ફરીથી સભાગૃહની બેઠક મળી ત્યારે જેમને નામથી સંબોધવામાં આવ્યાં હતાં તેવા સભ્યો સહિત વિરોધપક્ષના અન્ય સભ્યો પણ સભાગૃહની મધ્યમાં બેસીને સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખતાં અધ્યક્ષશ્રીએ વિનંતી કરી કે તેઓ સભાગૃહ છોડી જાય. સભ્યશ્રીઓએ તેમ નહિ કરતાં નામથી સંબોધાયેલા સભ્યશ્રીઓને તથા સૂત્રોચ્ચાર કરતાં અન્ય સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી સલામતી દળના સભ્યો ગૃહમાંથી બહાર લઈ ગયા હતા.

(૨) તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ શોકદર્શક ઉલ્લેખ વખતે સભાગૃહની પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાક પ્રેક્ષકોએ સૂત્રોચ્ચાર કરતાં સલામતી દળના સભ્યોએ તેમની ધરપકડ કરી હતી. સભાગૃહે પ્રસ્તાવ પસાર કરીને તેઓને તે દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવાની સજા કરી હતી. બેઠક પૂરી થયા બાદ તેઓને છોડી મૂકવામાં આવ્યાં હતાં.

ઔચિત્યભંગના મુદ્દા

૩૩. સત્ર દરમ્યાન ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી માગતી એક સૂચના મળી હતી. જે નામંજૂર કરવામાં આવી હતી. અન્ય એક કિસ્સામાં તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧ નારોજ સભ્યશ્રી જયનારાયણ વ્યાસે ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે સરકારે લઠ્ઠાકાંડ પ્રકરણમાં દવે કમિશનની નિમણૂંક કરી હતી જેનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ થાય તે પહેલાં તેની વિગતો પ્રસિદ્ધ થઈ હતી.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ મુદ્દો સાચો છે અને આ બાબતમાં તપાસ સમિતિ નિમવામાં આવી છે. જો કે આમાં નીતિવિષયક જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ અહેવાલની વિગતો પ્રસિદ્ધ થવા સંબંધમાં થયેલી ક્ષતિ અંગે કાળજી રાખવામાં આવશે. આમ માનનીય મુખ્યમંત્રીશ્રી એ ઔચિત્યભંગના મુદ્દાનો સ્વીકાર કર્યો હતો તેથી માનનીય અધ્યક્ષશ્રીને નિર્ણય આપવાની જરૂર પડી ન હતી.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૩૪. સત્ર દરમ્યાન કુલ ૧૬ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતાં. તેમાંથી ચાર પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતાં. એટલે કે ૨૫ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં હતાં. બાર પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં ન હતાં. એટલે કે ૭૫ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં ન હતાં.

યાદગાર પ્રસંગો

૩૫. ૧. રાજકીય ઓળખના પ્રશ્ને ગૃહમાં લાગલગાટ બે દિવસ અભૂતપૂર્વ અવ્યવસ્થા.— આઠમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના પ્રારંભના બે દિવસો (તા. ૧૧ અને ૧૩ ફેબ્રુઆરી, ૧૯૯૧) ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં અભૂતપૂર્વ ધાંધલ-ધમાલના બનાવોના રેકર્ડરૂપે યાદગાર બની રહેશે.

તા. ૧૧મીના રોજ બેઠકનો પ્રારંભ થતાં જ 'છેતરપિંડી બંધ કરો' અને 'રાજકીય ઓળખ જાહેર કરો'ના સૂત્રોચ્ચારો વચ્ચે વિપક્ષ ભાજપના અગ્રણી સભ્ય શ્રી સુરેશ મહેતાએ ગૃહની બેઠકના પ્રારંભથી જ સભાગૃહની વચ્ચેની જગ્યાએ બેઠેલા પાંચ જનના દળ (બોમ્બાઈ-જૂથ)ના સભ્યો તરફ નિર્દેશ કરતાં સભાગૃહની બેઠક વ્યવસ્થા અને સભ્યશ્રીઓના રાજકીય

પક્ષની ઓળખનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુદ્દા પરની ચર્ચા દરમિયાન માનનીય મુખ્યમંત્રી-શ્રીએ ફાળવેલી જગ્યા ઉપર જે તે પાંચ સભ્યો બેઠેલ ન હોઈને ગૃહમાં વ્યવસ્થાનો પ્રશ્ન પણ ઉઠાવતાં અને જે તે સભ્યો દ્વારા કાર્યકારી અધ્યક્ષ શ્રી પરમારના અનુરોધ છતાંય પોતાનું સ્થાન ગ્રહણ ન કરતાં તથા વિપક્ષના સૂત્રોચ્ચાર વ.થી ઉભી થયેલી અભૂતપૂર્વ અવ્યવસ્થાને ધ્યાને લઈને ગૃહને કાર્યકારી અધ્યક્ષશ્રીએ પંદર મિનિટ માટે મુલતવી રાખ્યું હતું.

ગૃહ પુનઃ ૧.૦૨ કલાકે મળ્યું. તે પછી પણ કાર્યકારી અધ્યક્ષશ્રીની સ્થાનગ્રહણ કરવાની વિનંતીનો જે તે સભ્યોએ સ્વીકાર કર્યો નહતો. આ મુદ્દે દરમિયાનગીરી કરતાં કોં (આઈ) પક્ષના સભ્ય શ્રી મનોહરસિંહજીએ પણ જણાવ્યું કે પક્ષાંતર વિરોધી બંધારણીય જોગવાઈ-ઓના સંદર્ભમાં પણ ગૃહમાંના પક્ષોનું જરૂરી નામાભીકરણ થવું જરૂરી છે. તે પછી કાર્યકારી અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું કે બેઠક-ફાળવણી કરતી વખતે સભ્યોને બેઠક વ્યવસ્થા અગાઉથી બતાવવામાં આવેલ અને તેની ચર્ચા પણ કરેલ છે. તે જોતા જે તે સભ્યોને હું પુનઃવિનંતી કરું છું કે તેઓ પોતાનું સ્થાન લે. આ વિનંતીનો સ્વીકાર કરીને તે સભ્યો પોતાની જગ્યાએ બેસી જતાં તે પછીની કાર્યવાહી -(અધ્યક્ષશ્રીની ચૂંટણી) ગૃહે આગળ ચલાવી હતી.

પરંતુ એ કાર્યવાહી પૂર્ણ થતાં જ વિપક્ષ ભા.જ.પ.ના નેતા શ્રી કેશુભાઈએ પુનઃ સભા-ગૃહની વ્યવસ્થા, પક્ષની માન્યતા અને ગૃહના નેતાનો મુદ્દો ઉઠાવતાં ગૃહમાં ફરી એકવાર 'છેતરપિંડી બંધ કરો' વ.ના સૂત્રોચ્ચારોથી ઉત્તેજના અને ગરમાગરમી વ્યાપી ગયાં હતાં.

કાયદા મંત્રી અને અન્ય સભ્યો વચ્ચે દલીલબાજીનું વાકયુદ્ધ થયું હતુ. છેવટે નવા વરાયેલા માનનાય અધ્યક્ષશ્રી મુલાણીએ કાયદા મંત્રીની રજુઆતને ધ્યાને લઈને પોતાનું રૂલીંગ આપ્યું હતું કે સમગ્ર બાબત સીટી સિવિલ કોર્ટ તથા વડી અદાલત સમક્ષ રજુ થયેલ હોઈને આ 'સબ-જ્યુડીસ' મુદ્દા ઉપર વધુ ચર્ચા ગૃહમાં કરી શકાય નહીં અને તેથી આ અંગે પોતાને કોઈ નિર્ણય હાલ તુરત લેવાનો રહેતો નથી. જેના પ્રતિભાવમાં વિપક્ષ ભાજપના કેટલાય સભ્યો માનનીય અધ્યક્ષશ્રી તરફ ધસી ગયા હતા અને રૂલીંગ સામે દલીલો કરતાં અધ્યક્ષ-શ્રીએ પોતાના નિર્ણય પર વિવાદ કરી ન શકાય તેમ જણાવી રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ પર મૂકાયા બાદ ગૃહને ૩૦ મિનિટ માટે મુલતવી રાખ્યું હતું.

ગૃહ પુનઃ ૨.૩૧ કલાકે મળ્યું તે પછી અધ્યક્ષશ્રીના આદેશ મુજબ બીજા દિવસે (તા. ૧૩ ફેબ્રુઆરી, ૧૯૯૧) મળવા માટે તે મુલતવી રહ્યું હતું. **આમ પ્રથમ દિવસે ગૃહકુલ ત્રણવાર મુલતવી રહયુ હતું.**

તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ જેવો બેઠકનો પ્રારંભ થયો કે તુરત જ વિપક્ષ ભાજપ તથા જનતા દળના સભ્યોએ રાજકીય ઓળખના પ્રશ્ને રજુઆત કરતાં અને બીજા કેટલાક સભ્યો 'છેતરપિંડી બંધ કરો' તથા 'સોદાબાજી બંધ કરો'ના ઉગ્ર સૂત્રોચ્ચારો સાથે ગૃહની મધ્યમાં અધ્યક્ષશ્રીના સ્થાન સામે ધસી ગયા હતા. અધ્યક્ષશ્રીના તેમને તેમ કરતાં વારવાના પ્રયત્નો નિષ્ફળ જતાં ગૃહ ૧૫ મિનિટ માટે મુલતવી જાહેર કરાયું હતું.

ગૃહ ૧૨.૧૮ કલાકે જેવું મળ્યું કે તુરત જ સૂત્રોચ્ચારોનો ગરમાગરમ મારો ગૃહમાં છવાઈ ગયો હતો. અને વિપક્ષી સભ્યોએ ગૃહની મધ્યમાં જ બેઠક જમાવી દેતાં અધ્યક્ષશ્રીએ

તેમને આમ ન કરવા અથવા તો ગૃહ છોડી જવાનો આદેશ આપ્યો હતો જેનું પાલન ન થતાં અને ગૃહમાં અવ્યવસ્થા ચાલુ જ રહેતા અધ્યક્ષશ્રીએ ગૃહને પુનઃ ૩૦ મિનિટ માટે મુલતવી રાખ્યું હતું.

સભાગૃહની બેઠક ફરી ૧૨.૫૧ કલાકે મળી, તે પછી પણ વિપક્ષ તરફથી સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં અને સભાગૃહની મધ્યમાં જ સ્થાન જમાવી રાખતાં અધ્યક્ષશ્રીએ તેઓને ગૃહ છોડી જવાનો આદેશ આપ્યો. જેનું પાલન ન થતાં આ ગેરવર્તન બદલ ૯ સભ્યોને - 'નામથી' સંબોધવામાં આવ્યાં હતાં. તે પછી આ સભ્યોને તે દિવસની કાર્યવાહીમાંથી સસ્પેંડ કરવાનો કાયદા મંત્રી શ્રી લાખાણીનો પ્રસ્તાવ ગૃહે બહુમતીથી મંજૂર રાખ્યો હતો. તેમ છતાંય જે તે સભ્યોએ ગૃહ છોડી ન જતાં અને સૂત્રોચ્ચાર તથા દેખાવો ચાલુ રાખતાં અધ્યક્ષશ્રીએ ગૃહને ત્રીજીવાર અડધા કલાક માટે - મુલતવી રાખ્યું હતું. - ગૃહની બેઠક ૧.૨૭ કલાકે પુનઃ મળી તે પછી પણ સસ્પેંડ થયેલા વિપક્ષી સભ્યો તથા અન્ય સભ્યોએ ગૃહનાં મધ્ય ભાગે બેસીને સૂત્રોચ્ચાર તથા દેખાવો ચાલુ રાખતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પ્રથમ સસ્પેંડ થયેલા સભ્યો અને તે પછી અન્ય સભ્યોને સલામતી રક્ષકોએ ગૃહમાંથી દૂર કર્યા હતાં.

ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં આટલા મોટા પ્રમાણમાં સભ્યોને સલામતી રક્ષકો દ્વારા દૂર કરવાનો આ પ્રથમ પ્રસંગ હતો.

૨. **અધ્યક્ષશ્રીની ચૂંટણી.**—એક જ વિધાનસભા દરમ્યાન બે અધ્યક્ષની ચૂંટણીની તવારીખ આઠમી વિધાનસભામાં પણ પુનઃ સર્જાઈ હતી. (અગાઉ સાતમી વિધાનસભામાં પ્રથમ શ્રી નટવરલાલ શાહ અને શ્રી પારડીવાલા) અગાઉ ચૂંટાયેલા શ્રી લાખાણી રાજીનામું આપીને પ્રધાનમંડળમાં જોડાતાં ખાલી પડેલી અધ્યક્ષશ્રીની જગ્યા માટેની ચૂંટણી આ સત્રના પ્રથમ દિવસે (તા. ૧૧ મી ફેબ્રુઆરી, ૧૯૯૧) થઈ હતી. જેમાં હિમતલાલ ત્રિભોવનદાસ મુલાણીની - અધ્યક્ષના સ્થાને બિનહરીફ વરણી થઈ હતી.

શ્રી મુલાણીની અધ્યક્ષ તરીકેની વરણીથી એક રેકર્ડ સર્જાયો હતો, આ અગાઉ એક જ જ્ઞાતિની બે વ્યકિત અત્યારસુધી આ સ્થાને આવેલ નહીં તે ઉલ્લેખનીય છે.

૩. વિપક્ષની ગેરહાજરીમાં ગૃહે મંજૂર કરેલા "પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવાના નિયમો ૧૯૯૦" ના મુદ્દા પર વૈધાનિક કશમકશ.—તા. ૧૩ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ વિપક્ષ ભાજપની ગેરહાજરીમાં ગૃહે કાયદા મંત્રી શ્રી લાખાણીએ રજૂ કરેલા ઉપરોકત નિયમો નિર્ધારિત સમયમર્યાદા કરતાં વહેલા લાગુ પાડવાના પ્રસ્તાવનો મૌખિક મતદાનથી સ્વીકાર કર્યો હતો. આમ ૧૯૮૫ માં સંસદે પસાર કરેલા પક્ષાંતર બદલ સભ્યોને ગેરલાયક ઠરાવવાના કાયદાના અમલીકરણ સારૂ જરૂરી એવા ગુજરાત વિધાનસભાના નિયમોનો ગૃહે સ્વીકાર કર્યો હતો.

પરંતુ નિયમો જે રીતે ગૃહ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યા તે બાબતે તા. ૧૪ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ કોંગી સભ્ય શ્રી મનોહરસિંહજીએ વાંધો ઉઠાવતાં રજૂઆત કરી હતી કે આ માટે ખરેખર તો નિયમ—૧૦૦ હેઠળનો પ્રસ્તાવ લાવવો જોઈએ, જેને માટે

૭ દિવસ અગાઉથી સૂચના આપીને પ્રસ્તાવની જાણ સભ્યોને થવી જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં આમ થયેલ ન હોઈને સભ્યોને આ બાબતે પોતાના વિચારો રજૂ કરવાની તક પણ મળી નથી તેથી આનો નિવેડો લાવવા કામકાજ સલાહકાર સમિતિને આ બાબત સોંપવી જોઈએ.

વિપક્ષના અન્ય અગ્રણી સભ્યોએ પણ આ અંગે રજૂઆત કરી હતી અને વધુમાં મુખ્ય મંત્રીશ્રીએ પણ સંમતિ સૂચક સ્પષ્ટતા કરતાં મા. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે નિયમો અને કાયદાના અર્થઘટનનો પ્રશ્ન જેમાં સંકળાયેલો છે તેવા આ મુદ્દા પરનો નિર્ણય કામકાજ સલાહકાર સમિતિ પર છોડવામાં આવે છે.

તા. ૧૧ મી માર્ચ, ૧૯૯૧ ના રોજ પુનઃ શ્રી મનોહરસિંહજીએ આ નિયમોનો અમલ તા. ૧૩ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ની પશ્ચાતવર્તી અસરથી કરવા અંગે તેમજ તેની તે રીતે રાજ્યપત્રમાં થયેલી પ્રસિદ્ધિનો મુદ્દો ગૃહમાં ઉઠાવતાં વિપક્ષી અગ્રણી સભ્યો અને કાયદા મંત્રીશ્રી વચ્ચે વૈધાનિક કશમકશ જામી પડી હતી.

અધ્યક્ષશ્રીએ આ મુદ્દા પર નિર્ણય આપતાં જણાવ્યું હતું કે કામકાજ સલાહકાર સમિતિએ આ અંગે વિચારણા કરીને જે ભલામણો ગૃહ સમક્ષ રજૂ કરી છે તેનો ગૃહે સ્વીકાર કર્યો છે તે મુજબ આ નિયમો ઉપર અને આ નિયમો પરના રજૂ થનારા સુધારાની ચર્ચા ગૃહ હાથ ધરવાનું જ છે.

નિયમોના પશ્ચાદવર્તી અમલીકરણની બાબતે અને તેની નોટિસના પ્રશ્ને ગૃહમાં ફરીને એકવાર તા. ૧૨ મી માર્ચ, ૧૯૯૧ ના રોજ સભ્યોએ ચર્ચાની ગરમી પેદા કરી દીધી હતી. કોંગી સભ્યશ્રી મનોહરસિંહજીએ આને લગતો મુદ્દો ઉઠાવતાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, નિયમોની મંજૂરી માટેની કોઈ નોટિસ અપાઈ ન હતી. તે અંગેના પત્ર-વ્યવહારને નોટિસ ગણી શકાય નહીં અને નિયમો મુજબ આવી નોટિસ (ન આપવાનું) "વેઈટ" થઈ શકે નહીં. વળી આવી નોટિસ બધા સભ્યોને મળવી જોઈએ. તે પણ આ કિસ્સામાં થયું નથી. મા. અધ્યક્ષશ્રીએ આ સાથે અન્ય સભ્યોની રજૂઆતને સાંભળ્યા બાદ એમ જણાવ્યું હતું કે, ઉકત બંને મુદ્દાઓ અંગે પોતાનો નિર્ણય પછીથી જાહેર કરશે.

ઉપરોકત બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ ના રોજ પોતાનો નિર્ણય આપતાં આ બાબતે ગુજરાત વિધાનસભા કાર્યવાહીના નિયમોની વિસ્તૃત છણાવટ કરીને સ્પષ્ટતા કરી હતી કે આ નિયમો મંજૂર કરવા સારૂં નિયમ-૧૦૦ની જોગવાઈનો આધાર પ્રવર્તમાન સંજોગોમાં લીધો ન હતો. પરંતુ નિયમ-૫૩ અન્વયે અધ્યક્ષશ્રીને મળેલાં અધિકાર અન્વયે ઉકત નિયમો મંજૂરી માટે સભાગૃહમાં રજૂ કરવા દેવાની જરૂરી પરવાનગી આપવામાં આવેલી. તેથી આ બાબતે નિયમ વિરૂદ્ધ કાંઈ કરવામાં આવેલ નથી તે સ્પષ્ટ થાય છે.

ઉપરોકત નિયમોમાં સુધારા સૂચવતો એકમાત્ર પ્રસ્તાવ નિયમ-૧૦૧ અન્વયે વિપક્ષના અગ્રણી સભ્યશ્રી સુરેશ મહેતાએ રજૂ કર્યો હતો. જેના પરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી અશોક ભટ્ટે નિયમો લેઠળ પૂરી પાડવાની માહિતીની મુદતમાં વધારો કરી આપવાના મા. અધ્યક્ષશ્રીના નિર્ણય અંગે કેટલાક આક્ષેપ કર્યા હતા. જેનો કોંગી નેતા શ્રી સી. ડી. પટેલે મુદ્દો ઉઠાવીને વિરોધ કર્યો હતો. મુખ્ય મંત્રીશ્રી, કાયદા મંત્રીશ્રી વગેરેને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય

આપ્યો હતો કે, નિયમોની જોગવાઈ મુજબ પોતાને મળતા સ્વવિવેકના અધિકારોની રૂએ જ પોતે સંબંધિત પક્ષોએ માંગેલી મુદત પોતાની સમક્ષ કરાયેલી સંતોષકારક રજૂઆત પછી જ વધારી આપેલ છે, તેમાં કોઈની અસર કે કોઈનાથી પ્રભાવિત થવાનો પ્રશ્ન નથી. અધ્યક્ષશ્રી પર આ રીતના આક્ષેપો થાય તે પણ યોગ્ય નથી. તે પછી ઉકત સુધારા પરની ચર્ચાને અંતે ગૃહે શ્રી મહેતાના સુધારાનો અસ્વીકાર કર્યો હતો.

(૪) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં મંત્રીશ્રીને તક આપવાના અધ્યક્ષશ્રીના નિર્ણયના વિરોધમાં વિપક્ષનો સભાત્યાગ.—ઉકત પ્રસ્તાવ પરની પહેલા દિવસની તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજની ચર્ચામાં ભાગ લેવા માટે આરોગ્ય મંત્રીશ્રી વાસણવાળા ઊભા થયા ત્યારે શ્રી મનુભાઈ પરમાર અને ભા. જ. પ. ના શ્રી સુરેશ મહેતા તથા અન્ય સભ્યોએ વાંધો ઉઠાવ્યો હતો કે મંત્રી હોવાને નાતે શ્રી વાસણવાળા એક સભ્ય તરીકે આ ચર્ચામાં ભાગ લઈ શકે નહીં. આ રજુઆતનો અસ્વીકાર કરતાં અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું હતું કે શ્રી વાસણવાળાનું નામ એમના પક્ષના દંડક તરફથી પોતાની સમક્ષ રજૂ થયું છે. એટલે પોતે તેમને ચર્ચામાં ભાગ લેવાની તક આપી છે. વળી મંત્રી હોવાને લીધે સભ્યશ્રી તરીકેના કોઈ હક્ક જતા રહેતા નથી. પરંતુ હાજર રહેલા ભા. જ. પ. ના સભ્યોને આ નિર્ણય સંતોષકારક નહીં જણાતાં તેમણે સભાત્યાગ કર્યો હતો.

(૫) પોતાને બોલવાની તક ન આપવા અંગે વિપક્ષી સભ્ય દ્વારા મા. અધ્યક્ષશ્રી માફી માંગે તેવી રજૂઆત.—રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં પોતાનું નામ દંડક તરફથી મોકલવામાં આવેલ છતાં ય તેમને બોલવાની તક અધ્યક્ષશ્રીએ આપી ન હતી તેમ જણાવી વિપક્ષના સભ્યશ્રી દિલીપ સંઘાણીને આ "ભૂલ" બદલ પોતાની માફી માંગવાની અને તેમ નહીં થાય તો "અવિશ્વાસ" ની દરખાસ્ત લાવવી પડશે તેવી રજુઆત તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજની બેઠકમાં કરતાં ગૃહમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. કોંગીના સભ્યશ્રી અને ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પરમારે આ રજૂઆત "ગૃહના ગૌરવને હાનિરૂપ" ગણાવતાં સભ્ય શ્રી સંઘાણીએ જે તે શબ્દો પાછા ખેંચવા જોઈએ તેવી રજુઆત કરી હતી.

કોંગી નેતા શ્રી સી.ડી. પટેલ તથા વિપક્ષ નેતા શ્રી કેશુભાઈ પટેલની રજુઆતને સાંભળ્યા બાદ આ અંગે અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે ચર્ચામાં ભાગ લેવા અંગે પોતે ઘણી બાબતો લક્ષમાં લઈને સભ્યોને પૂરતી તક આપે છે. છતાં ય જો કોઈને આ બાબતે કંઈક અસંતોષ હોય તો તેની રજુઆતનું યોગ્ય સ્થળ આ ગૃહ નહીં, પરંતુ અધ્યક્ષશ્રીની ચેમ્બર છે. જે શબ્દો મા. સભ્યશ્રી બોલ્યા છે તે જો તેઓ પાછા નહીં ખેંચે તો પોતે રેકર્ડ જોઈને તે શબ્દો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરશે, તેમ મા. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવતાં આ બાબતનો અંત આવ્યો હતો.

(૬) વિપક્ષી સભ્યના 'કહેવાતા રાજીનામાના પત્ર' એ ગૃહમાં જગાવેલ ઉત્તેજના.—તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૧ની વિરામ પછી મળેલી સભા ગૃહની બેઠક ભારે ઉત્તેજનાસભર બની ગઈ હતી. વિપક્ષી ભા.જ.પ.ના બે અગ્રણી સભ્યોએ પોતાના પક્ષના એક સભ્યને અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીના કહેવાતા રાજીનામા અંગે જે પૂછપરછ ચેમ્બરમાં કરી તેની સામે વાંધો ઉઠાવી રજઆત કરતાં ગૃહમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. આ રાજીનામું પોતાને

ટપાલમાં મળ્યું છે તેમ જણાવી વધુ ખુલાસો કરી રહેલા અધ્યક્ષશ્રીને સાંભળવાનો ઈન્કાર કરી રહેલા ભા.જ.પ.ના સભ્યો અનેક વિનંતીઓ પછી પણ શાંત ન થતાં છેવટે અધ્યક્ષશ્રીએ ગૃહને પંદર મિનિટ માટે મુલતવી રાખ્યું હતું.

ગૃહ ફરીથી મળ્યું ત્યારે સંબંધિત સભ્ય શ્રી રાણવાએ પોતાના રાજીનામા અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે તે પોતાના હસ્તાક્ષરમાં નથી અને જે સહી છે તે પણ તેમની નથી. તે પછી પોતે શા માટે સભ્યશ્રીને પોતાની ચેમ્બરમાં બોલાવ્યા હતા તેની જાણકારી અધ્યક્ષશ્રીએ આપતાં શ્રી સુરેશ મહેતાએ આ અંગે કેટલાક પ્રશ્નો પુછવા દેવા અને તેની સ્પષ્ટતા અધ્યક્ષશ્રી કરે તેવો આગ્રહ રાખતા અધ્યક્ષશ્રીએ તેમને પોતાની બેઠક લેવા વારંવાર વિનંતી કરી હતી. જેનો અમલ ન થતાં અને ભાજપના કેટલાક સભ્યો અધ્યક્ષશ્રી તરફ ભારે સુત્રોચારો સાથે ધસી જતાં અધ્યક્ષશ્રીએ જે તે સભ્યોને તે દિવસની કાર્યવાહી પુરતાં ગૃહ છોડી જવાઆદેશ આપ્યો હતો. પરંતુ આદેશાનુસાર સંબંધકર્તા સભ્યોએ સભાગૃહમાંથી બહાર જવાના બદલે સુત્રોચાર ચાલુ રાખતાં સભાગૃહને પુનઃ ૧૫ મિનિટ માટે અધ્યક્ષશ્રીએ મુલતવી રાખ્યું હતું.

ગૃહ પુનઃ ૧૧.૪૫ કલાકે મળ્યુ તે પછી વિપક્ષના નેતા શ્રી કેશુભાઈએ પોતાના સભ્ય-શ્રી મહેતાને વધુ રજૂઆતની તક આપવાની વિનંતી અધ્યક્ષશ્રીને કરી. જે અન્વયે શ્રી સુરેશ મહેતાએ રાજીનામું નિયત નમૂનામાં હોવું જોઈએ અને તે સંબંધમાં અન્ય રજૂઆત કરી હતી. અધ્યક્ષશ્રીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે અગાઉ કેટલીક સ્પષ્ટતા આ અંગે પોતે કરેલી છે જ. પક્ષના નેતાને મળવા બાબતમાં પોતાનાં કથન અંગે કંઈક ગેરસમજ થઈ છે અને સભ્યશ્રીના રાજીનમાની ચકાસણી અંગે પોતે બે વાર બોલાવ્યા તેમાં કંઈ જ અયોગ્ય થયેલ નથી અને નિયમાનુસાર જ કાર્યવાહી કરેલ છે.

(૭) વિધાનસભા સચિવાલય ભરતી અને સેવાની શરતો બાબતે બિન સરકારી વિધેયકો પર ચર્ચા તથા આ વિષયે ગૃહની એક સમિતિની રચના.—તારીખ ૫મી માર્ચ, ૧૯૯૧ના રોજની પ્રથમ બેઠકમાં ઉકત વિષય પરનાં બે બિન સરકારી વિધેયકો ગૃહે એકી સાથે હાથ પર લીધાં હતાં. બંને પ્રભારી સભ્યોએ વિધેયકો પરના પ્રથમ વાંચનનાં પ્રસ્તાવો પરનાં પોતાનાં મંતવ્યો રજૂ કર્યા બાદ અન્ય ૮ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો. જેનો પ્રત્યુત્તર આપતાં મુખ્ય મંત્રીશ્રીએ આ વિધેયકમાં જણાવેલી જોગવાઈઓના હાર્દરુપ સ્વાયત્તતા વિધાનસભા સચિવાલયને મળે તેની જરૂરિયાતનો સ્વીકાર કરીને તે સાથે અન્ય જરૂરી જોગવાઈઓનો પણ સમાવેશ થઈ શકે તે માટે એક સમિતિની રચના કરવા મા. અધ્યક્ષશ્રીને સૂચન કર્યું હતું.

, તે પછી ગૃહે પ્રથમ પ્રભારી સભ્ય શ્રી વિઠ્ઠલભાઈ શાહના વિધેયક પરના પ્રથમ વાંચનના પ્રસ્તાવનો મતદાન દ્વારા અસ્વીકાર કર્યો હતો. જ્યારે બીજું વિધેયક તેના પ્રભારી સભ્ય શ્રી નવીનભાઈ શાસ્ત્રીએ ગૃહની અનુમતીથી પાછું ખેંચ્યું હતું.

તા. ૧૩મી માર્ચ, ૧૯૯૧ ના રોજ મા. અધ્યક્ષશ્રીએ મા. મુખ્ય મંત્રીશ્રીએ અગાઉ કરેલી સૂચન અન્વયે વિધાનસભા સચિવાલય ભરતી અને સેવાની શરતોના નિયમો તૈયાર કરવા સારું મા. ઉપાધ્યક્ષશ્રીના પ્રમુખપદે કાયદા મંત્રી, સંસદીય બાબતોના મંત્રી અને વિપક્ષ ભા.જ.પ. ના અને કોંગી પક્ષના નેતાઓની બનેલી એક સમિતિની રચનાની જાહેરાત કરી હતી.

(૮) મંત્રીશ્રીના જવાબથી નારાજ વિપક્ષી સભ્યોનો અને રાજીવ ગાંધીના નિવાસસ્થાને જાસૂસીના પ્રશ્ને કોંગી સભ્યોનો સભાત્યાગ.— તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧ ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન પાણી પૂરવઠા મંત્રીશ્રીના પ્રત્યુત્તરથી નારાજ થયેલા મહેસાણા જિલ્લાના ચાર ભા.જ.પ.ના સભ્યો સભાત્યાગ કરી ગયા હતા.

એ જ દિવસે પ્રશ્નોત્તરી પૂરી થયા પછી કોંગી પક્ષના નેતાએ દિલ્હી ખાતે રાજીવ ગાંધી ના નિવાસસ્થાને થયેલી જાસૂસીનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો હતો. સરકારને ટેકો આપતા કોંગી પક્ષના સભ્યો વધુમાં આ બાબતે ગૃહમાં કોઈક પ્રસ્તાવ રજુ કરવામાં આવે તેવી લાગણી વ્યકત કરી હતી. પરંતુ અધ્યક્ષશ્રીએ નિયમો મુજબ આ બાબત ગૃહમાં ઉપસ્થિત ન કરી શકાય તેમ જણાવ્યું હતું. પોતે ઈચ્છતા પ્રસ્તાવ અંગે શાસક પક્ષ તરફથી કંઈક સાનુકૂળ હિલચાલ જોવા ન મળતાં હાજર રહેલા કોંગી પક્ષના સભ્યો સભાત્યાગ કરી ગયા હતા.

(૯) પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો અન્વયે આપવાની માહિતીના પ્રશ્ને ઉહાપોહ સર્જાતાં ગૃહ મુલતવી રહ્યું.—વિપક્ષના અગ્રણી સભ્ય શ્રી સુરેશચંદ્ર મહેતાએ તા. ૧૮મી માર્ચ, ૧૯૯૧ ના રોજની બેઠકમાં અધ્યક્ષશ્રી પાસેથી એ માહિતી જાણવાનો મુદ્દો ઉઠાવ્યો કે ગુ. વિ. સ. એ. મંજુર કરેલા ઉકત નિયમોની જોગવાઈ મુજબ રાજકીય પક્ષોના સભ્યશ્રીઓએ નિયત ફોર્મ ભરીને ૩૦ દિવસમાં જરુરી માહિતી આપવાની થાય છે. તે મુજબ અધ્યક્ષશ્રી પાસે આવી માહિતી આવી ગઈ છે કે કેમ અને જો તેમ હોય તો આ સભાગૃહને તેની જાણકારી મેળવવાનો અધિકાર છે. વળી ગૃહના ચાલુ સત્રની મુદત પણ નજીકમાં જ પૂરી થનાર હોઈને આમ કરવું જરુરી છે. આ બાબતે અન્ય સભ્યોને પણ સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ બાબત ચાલુ એજન્ડા ઉપર ન હોઈને તેની ઉપર કોઈ મુદ્દો ઉઠાવી ન શકાય.

અધ્યક્ષશ્રીની આ જાહેરાત સાથે જ જનતા દળના બે સભ્યો અને ભા.જ.પ. ના હાજર તમામ સભ્યો અધ્યક્ષશ્રીના સ્થાન તરફ ધસી જતાં ગૃહમાં અવ્યવસ્થા સર્જાઈ હતી. સ્થાન પર બેસી જવાની વિનંતિની અવગણના થતાં અધ્યક્ષશ્રીએ ગૃહને અડધા કલાક માટે મુલતવી રાખ્યું હતું.

તે પછી ગૃહ મળ્યું ત્યારે અધ્યક્ષશ્રીએ જે રીતે આ બાબતે ગૃહમાં કાર્યવાહીને બાધારુપ વાતાવરણ ઉભું કરાયું તે પ્રત્યે નારાજગી વ્યકત કરી હતી ; વધુમાં પ્રસ્તુત નિયમો હેઠળ પક્ષોએ આપવાની થતી માહિતી સબધમાં પ્રવર્તમાન પરિસ્થિતિની ગૃહ ને જાણકારી પણ આપી હતી.

(૧૦) શાસક પક્ષના સભ્યશ્રીએ અશોભનીય ભાષાપ્રયોગ કરતાં ગૃહમાં ઉત્તેજના. મુ. મંત્રીશ્રી દ્વારા દિલગીરી વ્યકત કરાઈ.— તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૧ના રોજ ગૃહ

વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન શાસક પક્ષના એક સભ્યશ્રીએ બેઠાં બેઠાં કંઈક અશોભનીય ઉચ્ચારણ કરતાં ગૃહમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. આ વર્તન બદલ સખત વાંધો ઊઠાવવામાં આવ્યો હતો. જેની નોંધ લઈને ગૃહના નેતા મુખ્યમંત્રીએ તુરત જ દિલગીરી વ્યકત કરી હતી, એ પછી જે તે સભ્યશ્રીએ પણ દિલગીરી વ્યકત કરી હતી. આ બનાવ પર અવલોકન કરતાં મા. અધ્યક્ષશ્રીએ આવી બાબતોથી દૂર રહી ગૃહનું ગૌરવ વધે તે રીતે વર્તવાની કાળજી લેવા સૌને અનુરોધ કર્યો હતો.

(૧૧) માગણીઓ પરની ચર્ચાને અંતે પ્રશ્નો પુછવાની તક ન મળતાં સભાત્યાગ.– તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૧ના રોજ ગૃહ વિભાગની માંગણીઓ પરની ચર્ચા પૂરી થયા બાદ પ્રશ્નો પૂછવાની તક મળી નથી તેમ જણાવીને વિપક્ષ ભાજપે સભાત્યાગ કર્યો હતો. અધ્યક્ષશ્રીના નિર્ણય સામેના આ પગલાને મુખ્યમંત્રી સહિત ઉપાધ્યક્ષ શ્રી મનુભાઈ પરમારે યોગ્ય નથી એમ જણાવ્યું હતું. તે પછી અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું કે સભાગૃહનો સમય પૂરો થઈ જવાથી પ્રશ્નો પૂછવાની તક આપાઈ ન હતી. સમય લંબાવવા વિષે સર્વ સંમતિ સાધી શકાઈ હોત તો જ તે શકય બનત અને ઉમેર્યું હતું કે આ અંગે જે ટીકા કરાઈ છે તે વખોડવા લાયક છે.

(૧૨) પ્રશ્નોત્તરી દરમિયાન મૌન સેવતો વિપક્ષ.:—તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ના રોજની સમગ્ર પ્રશ્નોત્તરી દરમ્યાન વિપક્ષ ભાજના ગૃહમાં ઉપસ્થિત સભ્યોએ મૌન રાખ્યું હતું. તે પક્ષના જે સભ્યોએ પ્રશ્નો પૂછયા હતા તેમણે હાજર હોવા છતાંય પ્રશ્ન પૂછયા ન હતા.

પ્રશ્નોત્તરી બાદ ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પરમારે આ અંગે મુદ્દો ઊઠાવતાં જણાવ્યું હતું કે પ્રશ્નો જાહેર હિતના મહત્ત્વની બાબતોને લગતા હોય છે અને તેની પાછળ મોટું ખર્ચ થાય છે અને છતાંય સભ્યો પ્રશ્નો ન પૂછે તો તે કેટલું યોગ્ય છે ?

કાયદા મંત્રી તથા અન્ય સભ્યોને સાંભળ્યા પછી અધ્યક્ષશ્રીએ પોતાનો નિર્ણય આપતાં જણાવ્યું હતું કે પ્રશ્નો પૂછવા કોઈને ફરજ પાડી શકાય નહીં. પૂછાયેલા પ્રશ્નો અતારાંકિત પ્રશ્નો તરીકે કાર્યવાહીના ભાગરૂપે રહે જ છે.

મોડેથી ઉકત મૌન અંગે ખુલાસો કરતાં ભા. જ. પ.ના સભ્ય શ્રી સુરેશ મહેતાએ જણાવ્યું હતું કે ગઈ કાલે ચર્ચા દરમ્યાન પ્રશ્નો પૂછવાની તક ન મળતા વિરોધ રૂપે આ પગલું તેમના પક્ષે લીધેલ. જે અંગે અધ્યક્ષશ્રીએ આગલા દિવસની સ્પષ્ટતાને દોહરાવતાં જણાવ્યું હતું કે નિયમાનુસાર કામકાજ પૂરુ કરવાનું હોઈને તેમ કરવામાં આવેલ. અન્યથા પ્રશ્નો પૂછવાની પ્રણાલી બધા પક્ષો ઉચિત વ્યવસ્થા કરીને ચાલુ રહે તે ઈચ્છનીય છે.

૧૩. સભામોકફૂીની દરખાસ્ત દાખલ ન કરવાના મા. અધ્યક્ષશ્રીના નિર્ણય અંગે ચર્ચા કરવાનો પ્રયાસ અને સભાત્યાગ. :– ભા.જ.પ.ના સભ્ય શ્રી સુરેશ મહેતાએ તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૧ના રોજ પ્રશ્નોત્તરી પછી પોતે રજૂ કરેલી સભા મોકૂફીની દરખાસ્ત અંગે અધ્યક્ષશ્રી દ્વારા નિર્ણય અપાયા પછી પણ તે બાબત ઘણી ગંભીર છે તેમ જણાવી ચર્ચા ઉપસ્થિત કરવાનો પ્રયાસ અધ્યક્ષશ્રીની મનાઈ છતાં કર્યો હતો. તેમને સ્થાન લેવાની અધ્યક્ષશ્રીની વિનંતીની અવગણના થઈ રહી હતી તે જોઈને મુખ્યમંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર

જ્યારે અધ્યક્ષશ્રીની મંજૂરી મેળવી ઉપસ્થિત કરવા પ્રયત્ન કર્યા છતાંય શ્રી મહેતાએ પોતાનું વકતવ્ય ચાલુ રાખતાં અને એ સામે અધ્યક્ષશ્રીએ મનાઈ ફરમાવતાં વિપક્ષ ભા.જ.પ.ના હાજર રહેલા સભ્યોએ સભાત્યાગ કર્યો હતો.

વિપક્ષનું આ પગલું સભાગૃહના ગૌરવને અનુરૂપ ન હોવાની ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પરમારે રજઆત કરી હતી. જે સાથે સંમત થતાં મુખ્યમંત્રીએ પણ જણાવ્યું હતું કે એકવાર નિર્ણય અપાઈ જાય પછી એની ઉપર ચર્ચા કરવાની પ્રણાલી વિકસે તે સુદૃઢ સંસદિય પ્રણાલિ ના હિતમાં નથી. એક અન્ય સભ્યશ્રી અને કાયદા મંત્રીએ પણ આનું સમર્થન કરતાં વધુમાં જણાવ્યું હતું કે જે પ્રસ્તાવ રજૂ કરવાની અનુમતિ નથી અપાઈ તે અંગેના નિર્ણય પરની ચર્ચા કાર્યવાહીમાંથી રદ કરવી જોઈએ. મા. અધ્યક્ષશ્રીએ આ રજઆતો સાથે સંમત થઈને જે તે વકતવ્ય કાર્યવાહીમાંથી રદ કરવાનો આદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે અધ્યક્ષશ્રીના નિર્ણય વિરૂદ્ધ વર્તન કરવાનો ચાલુ સત્રમાં આ ત્રીજો પ્રસંગ હતો.

નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી

૩૬. માન. અધ્યક્ષશ્રીએ તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧ ના રોજ વિધાનસભાની ચાર નાણાકીય સમિતિઓ ઉપર ૧૯૯૧--૯૨ ના વર્ષ માટે આ સાથેના પત્રક ક્રમાંક--૨૧ માં જણાવ્યા પ્રમાણે સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યા.

વિધાનસભાની સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક

૩૭. વિધાનસભાના નિયમો હેઠળ જે સમિતિઓ ઉપર માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યોની નિમણૂક કરવાની હોય છે, એવી વિવિધ સમિતિઓની રચના કરવાની કાર્યવાહી સત્ર દરમિયાન હાથ ધરવામાં આવી હતી અને તે માટે વિવિધ પક્ષોના દંડકો તરફથી સભ્યોના નામો મંગાવવામાં આવ્યાં હતાં. પરંતુ દંડકો તરફથી સભ્યોનાં નામો સમયસર મળી શકયા ન હોવાથી આ સમિતિઓની રચના સત્ર પૂરું થયા પછી તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૧ ના રોજ કરવામાં આવી હતી. (સમિતિઓની રચના માટે જુઓ પત્રક ક્રમાંક ૨૨)

સભગૃહની એડહોક સમિતિની રચના

૩૮. (૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સિદુંબર ગામમાં બનેલા પોલીસ ગોળીબારના બનાવની તપાસ માટે સભાગૃહના ૧૧ સભ્યોની બનેલી એક સમિતિની રચનાની જાહેરાત માનનીય અધ્યક્ષશ્રીએ તારીખ ૨૧--૩--૧૯૯૧ ના રોજ સભાગૃહમાં કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક. ૨૩)

(૨) તા. ૫મી માર્ચ, ૧૯૯૧ ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલય ભરતી અને સેવાની શરતો બાબત વિધેયકની ચર્ચા દરમ્યાન માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરેલી જાહેરાત અનુસાર વિધાનસભા સચિવાલયમાં ભરતી નિયમો અંગે ભલામણ કરવા માટે માનનીય ઉપાધ્યક્ષશ્રીના પ્રમુખપદે સમિતિની તા. ૧૩મી માર્ચ, ૧૯૯૧ ના રોજ રચના કરવામાં આવી હતી.

સમિતિની બેઠકો :

૩૯. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી.

અ. નં.	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧	૨	૩
૧.	કામકાજ સલાહકાર સમિતિ	૧૪--૨--૯૧
		૧૮--૨--૯૧
		૨૧--૨--૯૧
		૨૬--૨--૯૧
		૬--૩--૯૧
		૧૧--૩--૯૧
		૧૪--૩--૯૧
		૧૮--૩--૯૧
		૨૫--૩--૯૧
૨.	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.	૧૩--૨--૯૧
		૧૯--૨--૯૧
		૨૬--૨--૯૧
		૫--૩--૯૧
		૧૨-૩--૯૧
		૧૯-૩--૯૧
૩.	અંદાજ સમિતિ	૧૮-૨--૯૧
૪.	જાહેર સાહસો માટેની સમિતિ	૮--૩--૯૧
		૧૧--૩--૯૧
૫.	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૨૭--૨---૯૧
		૬--૩-૯૧
		૧૮--૩--૯૧
		૨૧--૩--૯૧
૬.	અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૧૧--૩--૯૧
		૧૮--૩--૯૧
૭.	સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ	૭--૩--૯૧

૧	૨	૩
૮.	પંચાયતી રાજ સમિતિ	૨૬--૨--૯૧
૯.	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૧૨--૩--૯૧ ૨૦--૩--૯૧
૧૦.	સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો માટેની સમિતિ	૨૬--૩--૯૧
૧૧.	ગૌણ વિધાન સમિતિ	૨૬--૩--૯૧
૧૨.	સભ્યોના ભથ્થા અંગેના નિયમો માટેની સમિતિ	૨૭--૨--૯૧
૧૩.	સભાગૃહની બેઠકોમાં સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	૨૧--૩--૯૧

વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો

૪૦. સત્ર દરમ્યાન નીચે જણાવેલ અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતાં/ચર્ચાયા હતા.

સમિતિ	અહેવાલ રજૂ થયા તારીખ	અહેવાલ ચર્ચાયા તારીખ
૧	૨	૩
૧. કામકાજ સલાહકાર સમિતિ		
૧. બારમો અહેવાલ	૧૯--૨--૯૧	૧૯--૨--૯૧
૨. તેરમો અહેવાલ	૨૬--૨--૯૧	૨૬--૨--૯૧
૩. ચૌદમો અહેવાલ	૭--૩--૯૧	૭--૩--૯૧
૪. પંદરમો અહેવાલ	૧૧--૩--૯૧	૧૧--૩--૯૧
૫. સોળમો અહેવાલ	૧૫--૩--૯૧	૧૫--૩--૯૧
૬. સત્તરમો અહેવાલ	૨૬--૩--૯૧	૨૬--૩--૯૧

૧	૨	૩
૨. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ		
૧. સાતમો અહેવાલ	૧૩--૨--૯૧	૧૩--૨--૯૧
૨. આઠમો અહેવાલ	૨૦--૨--૯૧	૨૦--૨--૯૧
૩. નવમો અહેવાલ	૨૭--૨--૯૧	૨૭--૨--૯૧
૪. દસમો અહેવાલ	૬--૩--૯૧	૬--૩--૯૧
૫. અગિયારમો અહેવાલ	૧૩--૩--૯૧	૧૩--૩--૯૧
૬. બારમો અહેવાલ	૨૦--૩--૯૧	૨૦--૩--૯૧
૩. અંદાજ સમિતિ		
પહેલો અહેવાલ	૨૧--૨--૯૧	...
૪. જાહેર સાહસો માટેની સમિતિ		
૧. પહેલો અહેવાલ	૧૮--૩--૯૧	...
૨. બીજો અહેવાલ	૧૮--૩--૯૧	...
૫. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ		
૧. બીજો અહેવાલ	૫--૩--૯૧	...
૨. ત્રીજો અહેવાલ	૫--૩--૯૧	...
૩. ચોથો અહેવાલ	૧૧--૩--૯૧	...
૪. પાંચમો અહેવાલ	૧૧--૩--૯૧	...
૫. છઠ્ઠો અહેવાલ	૨૧--૩--૯૧	...
૬. સાતમો અહેવાલ	૨૧--૩--૯૧	...
૭. આઠમો અહેવાલ	૨૧--૩--૯૧	...
૬. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ		
૧. પહેલો અહેવાલ	૧૮--૨--૯૧	...
૨. બીજો અહેવાલ	૨૦--૩--૯૧	...

૧	૨	૩
૭. અરજી સમિતિ		
૧. પહેલો અહેવાલ	૧૮--૨--૯૧	...
૮. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ		
૧. પહેલો અહેવાલ	૧૨--૩--૯૧	...
૯. પંચાયતી રાજ સમિતિ		
૧. પહેલો અહેવાલ	૧૫--૩--૯૧	...
૨. બીજો અહેવાલ	૫--૩--૯૧	...
૧૦. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ		
૧. બીજો અહેવાલ	૧૨--૩--૯૧	...
૨. ત્રીજો અહેવાલ	૧૫--૩--૯૧	...
૩. ચોથો અહેવાલ	૧૫--૩--૯૧	...
૪. પાંચમો અહેવાલ	૨૨--૩--૯૧	...
૧૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિ		
૧. પહેલો અહેવાલ	૨૭--૩--૯૧	...
૧૨. ગૌણ વિધાન સમિતિ		
૧. પહેલો અહેવાલ	૨૭--૩--૯૧	...
૧૩. સભાગૃહની બેઠકોમાં સભ્યો કે મંત્રીઓની બાબતની સમિતિ		
૧. બીજો અહેવાલ	૨૬--૩--૯૧	...

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય)

૪૧. સત્ર દરમ્યાન નીચેના કાગળો (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

આ.નં.	વિગત	મેજ ઉપર મુકયા તારીખ
૧	૨	૩
૧.	ગુજરાત ફિલ્મ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા	૧૩--૨--૯૧
૨.	ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ. નો સન ૧૯૮૮--૮૯ નો વાર્ષિકઅહેવાલ, હિસાબો, ઓડીટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના જ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૪--૨--૯૧
૩.	ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક વહીવટી અહેવાલ.	૧૯--૨--૯૧
૪.	અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૧૯૮૯-૯૦ વાર્ષિક અહેવાલ,	૧૯--૨--૯૧
૫.	ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમીટેડનો સને ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરીઅંગેની સરકારની સમીક્ષા	૨૦--૨--૯૧
૬.	ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૯--૯૦ નો વાર્ષિક અહેવાલ અને સન ૧૯૮૮--૮૯નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન	૨૦--૨--૯૧
૭.	ગુજરાત જળ સંપત્તિ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાન સભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.	૨૦--૨--૯૧

૧	૨	૩
૮.	ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ કોરપોરેશન લિમિટેડ (ગ્રીમકો)નો સન ૧૯૮૬–૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન	૨૧–૨–૯૧
૯.	ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૮–૮૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૧–૨–૯૧
૧૦.	ગુજરાત ટ્રેકટર કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૮૯–૯૦ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૧–૨–૯૧
૧૧.	ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૧૯૮૬–૮૭ તથા ૧૯૮૭–૮૮ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૧– ૨–૯૧
૧૨.	ગુજરાત રાજ્ય નિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૮–૮૯ નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન	૨૨–૨–૯૧
૧૩.	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૯–૯૦નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો	૪–૩–૯૧

૧	૨	૩
૧૪.	ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭-૮૮ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનુ નિવેદન.	૫--૩--૯૧
૧૫.	ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૭--૩--૯૧
૧૬.	ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૮૭--૮૮ ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ, સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૧૯૯૦--૯૧ના અંદાજપત્રકો તથા સન ૧૯૮૭-૮૮ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનુ નિવેદન.	૧૪--૩--૯૧
૧૭.	ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડના સન ૧૯૮૮--૮૯ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનુ નિવેદન	૧૪--૩--૯૧
૧૮.	ગુજરાત ગંદા વસવાટ નાબુદી બોર્ડનો સન ૧૯૯૦--૯૧ નો કાર્યક્રમ	૧૪--૩--૯૧
૧૯.	સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૫--૩--૯૧
૨૦.	ગુજરાત ગ્રામ નિર્માણ બોર્ડનું સન ૧૯૯૦--૯૧ના વર્ષનું અંદાજપત્રક.	૧૯--૩--૯૧

૧	૨	૩
૨૧.	ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૦--૩--૯૧
૨૨.	ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૨--૩--૯૧
૨૩.	ગુજરાત રાજ્ય પેટ્રો રસાયણ નિગમ લિ. નો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૫- ૩--૯૧
૨૪.	ગુજરાત ઔદ્યોગિક મુડી રોકાણ નિગમ લિ. નો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૫--૩--૯૧
૨૫.	ગુજરાત રાજ્યમૂડી રોકાણ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અનેઓડિટરજનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૫--૩--૯૧
૨૬.	ગુજરાત કોમ્યુનિકેશન્સ એન્ડ ઈલેકટ્રોનિકસ લિ. નો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૫--૩--૯૧
૨૭.	ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતન કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૫--૩--૯૧

૧	૨	૩
૨૮.	ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૧૯૮૮--૮૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૫--૩--૯૧
૨૯.	ગુજરાત રાજ્ય કાપડ નિગમ લિમિટેડનો સન ૧૯૮૮--૮૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની, કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૬--૩--૯૧
૩૦.	ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ તથા જે કિસ્સામાં આયોગની સલાહ રાજ્ય સરકારે સ્વીકારી ન હોય તેવા કિસ્સાની સ્પષ્ટીકરણાત્મક યાદી.	૨૭--૩--૯૧
૩૧.	ગુજરાત રાજ્ય તકેદારી આયોગનો તારીખ ૧--૧--૮૯ થી ૩૧--૧૨--૮૯ સુધીની મુદતને આવરી લેતો ૨૬મો વાર્ષિક અહેવાલ તથા યાદી.	૨૭-૩-૯૧
૩૨.	ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૯--૯૦ નો ઓડિટ અહેવાલ.	૨૭--૩--૯૧
૩૩.	ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૭--૩--૯૧
૩૪.	ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૭--૩--૯૧

૧	૨	૩
(૪) તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી મોતીલાલ વસાવાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક--૩૭૨૦, અગ્રતાક્રમ--૫, નર્મદા યોજનાના અસરગ્રસ્તોને સુવિધાઓ અંગેના અનુસંધાને વધારાના માહિતી.

૬. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

માર્ગ અને મકાન વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૮૦,૮૨ કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૨, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૩૧, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગને લગતી પૂરક ક્રમાંક--૯૨ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૧૮ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૩૭, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૬૭ ગૃહ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૪૨ તથા શ્રમ અને રોજગારને લગતી પૂરક માગણી ક્રમાંક--૧૭, નર્મદા અને જળ સંપત્તિ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૬૨, નાણા વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક--૧૪, સંબંધિત મંત્રીશ્રીઓએ રજુ કરી, ઉપરોકત જે તે પૂરક માગણી ઉપરની ૧૧ કાપદરખાસ્ત સંબંધિત સભ્યશ્રીઓએ રજુ કરી.

શરુઆતમાં અધ્યક્ષશ્રીએ ગિલોટીન અંગે જાહેરાત કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજુ થયેલી કાપદરખાસ્ત ઉપર ભેગી ચર્ચા શરુ થઈ. બે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૭. સભ્યશ્રીના રાજીનામા અંગે.

વિરામ બાદ વિરોધપક્ષના ભાજપના શ્રી અશોક ભટ્ટ અને શ્રી સુરેશચંદ્ર મહેતાએ અધ્યક્ષશ્રીને એવું જણાવ્યું કે અમારા એક સભ્ય શ્રી મગનભાઈ રાણવાને આપે વિરામ સમય દરમિયાન આપની ચેમ્બરમાં બોલાવીને એમ પૂછયું કે મને આપનું રાજીનામું/મળ્યું છે એ ખરેખર આપનું છે કે કેમ? આ રીતે અધ્યક્ષશ્રી અમારા પક્ષના સભ્યશ્રીને સીધેસીધા બોલાવીને રાજીનામા અંગે પૂછપરછ કરે એ નિયમોની વિરુદ્ધ છે અને આથી અમને અધ્યક્ષશ્રીમાં વિશ્વાસ નથી. રજુઆતો સાંભળ્યા પછી અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું કે મને આ સભ્યશ્રીનું રાજીનામું ટપાલમાં મળેલ છે. અધ્યક્ષશ્રીનો આગળનો ખુલાસો સાંભળવા માટે ભાજપના સભ્યશ્રીઓ તૈયાર ન થયા અને આ મુદ્દા ઉપર સભા ગૃહમાં બારે ઉત્તેજના વ્યાપી જવાથી અને શાંતિ જાળવવા માટેની અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી સાંભળવા માટે સભ્યશ્રીઓ તૈયાર ન હોવાથી અધ્યક્ષશ્રીએ સભાગૃહને ૧૫ મિનિટ માટે મુલતવી રાખ્યું.

પંદર મિનિટ બાદ સભાગૃહ ફરીથી મળ્યું ત્યારે સભ્યશ્રી મગનભાઈ રાણવાએ એમના રાજીનામા અંગે સ્પષ્ટતા કરી. તેમણે વધુમાં જણાવ્યું કે આ રાજીનામું મારા હસ્તાક્ષરમાં નથી તેમજ એના ઉપરની સહી પણ મારી નથી. આ બાબતમાં અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રીને ખુલાસા માટે શા માટે બોલાવ્યા હતા એની સભાગૃહને જાણકારી આપી ત્યારે ભાજપના સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ કેટલાક પ્રશ્નો પૂછવા દેવા અને તેની સભ્યશ્રીએ પાસે સ્પષ્ટતા મેળવવા આગ્રહ રાખ્યો. તેમણે અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં પોતાનું સ્થાન ન લીધું. ત્યાર બાદ ભાજપના સભ્યશ્રીઓ અધ્યક્ષશ્રીના મંચની સામે ધસી ગયા અને સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. અધ્યક્ષશ્રીના આદેશની અવગણના થવા લાગી તેથી અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર કરતા સભ્યશ્રીઓને આજના દિવસ પૂરતા ગૃહમાંથી સસ્પેન્ડ કરવાના આદેશ આપ્યા. સસ્પેન્ડ કરવામાં આવેલા સભ્યશ્રીઓ સભાગૃહમાંથી બહાર જવાને બદલે સતત સૂત્રોચ્ચાર કરતા રહ્યા. આથી અધ્યક્ષશ્રીએ સભાગૃહને ફરીથી ૧૫ મિનિટ માટે મલતવી રાખ્યું.

પંદર મિનિટ બાદ સભાગૃહ ફરીથી મળ્યું. વિરોધપક્ષના નેતા શ્રી કેશુભાઈ પટેલે અધ્યક્ષશ્રીને એવી વિનંવી કરી કે આ રાજીનામાના મુદ્દા બાબતમાં શ્રી સુરેશચંદ્ર મહેતા જે મુદ્દા આપની પાસે રજૂ કરવા માગે છે તે રજૂ કરવાની તક આપવામાં આવે અને આપ ત્યારબાદ વધુ ખુલાસો કરો. એ રીતે શ્રી સુરેશચંદ્ર મહેતાએ કેટલાક પ્રશ્નો રજૂ કર્યા. જેના અધ્યક્ષશ્રીએ ખુલાસા કર્યા બાદ પ્રશ્નનું નિરાકરણ થયું.

ત્યારબાદ પૂરક માગણીઓ ઉપરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને ચર્ચાના જવાબ નાણા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ આપ્યો.

કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૧ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

પૂરક માગણી ક્રમાંક ૮૦, ૮૨, ૨, ૩૫, ૯૨, ૧૮, ૩૭, ૬૭, ૪૨, ૫૭, ૬૨, અને ૧૪ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. ગિલોટીન થયેલ પૂરક માગણીઓ

ત્યારબાદ સંબંધિત મંત્રીશ્રીઓએ પૂરક માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૯, ૪૧, ૪૩, ૫૧, ૫૨, ૫૪, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૬૧, ૬૩, ૬૪, ૬, ૭૦, ૭૧, ૭૨, ૭૪, ૭૫, ૭૬, ૪૪, ૪૬, ૪૮, ૫૦, ૬૦, ૮, ૧૦, ૨૨, ૨૪, ૮૬, ૮૮, ૯૦, ૭૭, ૭૮ ૭૯, ૮૩, ૧, ૩, ૪, ૭, ૩૬, ૩૮, ૯૧, ૯૩, ૯૫, ૮૫, ૧૭, ૧૯, ૨૦, ૬૫, ૬૬, ૬૮, ૬૯, ૫૧ અને ૫૬ રજૂ કરી જે મત માટે મૂકવામાં આવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીએ પૂરક માગણી ક્રમાંક ૩૨ અને ૩૩ રજૂ કરી જેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

સોમવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

૧. પ્રશ્નો પુછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી રમણલાલ પટેલે નિયમ ૧૧૬ અન્વયે "પારડીમાં ધાડપાડુઓએ લૂંટ ચલાવી એક વ્યકિતની કરેલ હત્યા. "અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું ;

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રબોધકાન્ત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. સરકારી વિધેયકો.

(૧) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૭-સન ૧૯૯૧નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

ઉપરની તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ત્યારબાદ વિધેયકના પહેલા, બીજા અને ત્રીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક-૧૯ સન ૧૯૯૧નું ગુજરાત એડવોકેટ કલ્યાણ ફંડ વિધેયક

વિધેયક ઉપરની ચર્ચા અધૂરી રહી.

મંગળવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી હરદત્તસિંહ જાડેજાએ નિયમ ૧૧૬ અન્વયે "શોભાસણ ગામે ઓઈલપીટ તૂટી જતાં થયેલ નુકસાન અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું;

કૃષિ મંત્રી, શ્રી શંકરજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો શ્રમ અને રોજગાર મંત્રી, શ્રી રામસિંહ પરમારે સભાગૃહના મેજ ઉપર મૂક્યા:—

સંયુકત સંચાલન પરિષદની રચના માટે આદેશ બહાર પાડેલ ન હોય તેવા ઉદ્યોગોની શ્રમ અને રોજગાર વિભાગની:—

(૧) મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬ અન્વયેની જે ઉદ્યોગો સંબંધમાં સંયુકત સંચાલન પરિષદ (જોઈન્ટ મેનેજમેન્ટ કાઉન્સિલ) ની રચના માટે સરકારે આદેશ કાઢયા ન હોય તેવા ઉદ્યોગોની સૂચિ.

(૨) ઔદ્યોગિક તકરાર અધિનિયમ--૧૯૪૭ અન્વયેની જે ઉદ્યોગ સંબંધમાં સંયુકત સંચાલન પરિષદ (જોઈન્ટ મેનેજમેન્ટ કાઉન્સિલ) ની રચના માટે સરકારે આદેશ કાઢયા ન હોય તેવા ઉદ્યોગોની સૂચિ.

૪. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, અંદાજ સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી અંગેનો કાર્યક્રમ જાહેર કર્યો.

૫. સરકારી વિધેયકો

(૧) સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક--૨૦ સન ૧૯૯૧ નું ગુજરાત (પૂરક) વિનિયોગ.

નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ ઉકત વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા, બીજા અને ત્રીજા વાચનના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) સોમવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલા સરકારી વિધેયકો પૈકી બાકી રહેલાં સરકારી વિધેયકો.

(૨) સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક---૧૯ સન ૧૯૯૧ નું ગુજરાત એડવોકટ કલ્યાણ ફંડ વિધેયક.

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, વધુ ૧૨ સભ્યશ્રીઓએ ચર્ચામાં લાગ લીધા બાદ કાયદા મંત્રી, શ્રી શશીકાંત લાખાણીએ ચર્ચાનો જવાબ આપ્યો અને વિધેયક ઉપર રજૂ થયેલા સુધારાનો નિકાલ થયા બાદ વિધેયકનું પહેલું, બીજું, અને ત્રીજું વાચન કરવામાં આવ્યું અને પસાર કરવામાં આવ્યું ;

૬. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૭. કાયદા મંત્રી, શ્રી શશીકાંત લાખાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે

"આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. સભાગૃહનો સમય લંબાવવામાં આવેલ હોવાથી તેના વિરોધમાં હાજર રહેલા તમામ ભાજપના સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

નીચેના સરકારી વિધેયકોનાં પહેલા, બીજા અને ત્રીજા વાચન કરવામાં આવ્યા અને વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૩) સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક--૧ સન ૧૯૯૧ નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક --૬-સન ૧૯૯૧નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક.

(૫) સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક--૮ સન ૧૯૯૧નું ભારતની ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક,

બુધવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના માજી ધારાસભ્ય, શ્રી ભાણાભાઈ ડાહ્યાભાઈ રાઠોડના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલ તેમજ શ્રી મનુભાઈ પરમાર, શ્રી વીરજીભાઈ મુનિયા, શ્રી મંગુભાઈ પટેલ અને શ્રી ઠાકોરભાઈ નાયકે અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષ-શ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

૩. શ્રી વીરજીભાઈ મુનિયાએ નિયમ ૧૧૬ અન્વયે "ગોધરાથી વડોદરા રોડ ઉપર ટ્રક અને ટેમ્પા સાથે અથડામણ થતાં પાંચ માનવીઓનાં મોત" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું,—

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. (૧) શ્રી મનોહરસિંહજીએ જાડેજાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "રાજકોટમાં અસા-જિક તત્ત્વોના ગોળીબાર" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "ગાંધીનગરની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીની આત્મહત્યા" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી સમાજ કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું સમાજ કલ્યાણ મંત્રીશ્રી, મોહનસિંહ રાઠવાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૩) શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "યાત્રાધામ ડાકોરમાં ફેલાયેલા રોગચાળા" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. આરોગ્ય મંત્રી, શ્રી બાબુભાઈ વાસણવાળાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેના સમિતિના પ્રમુખ, શ્રી ઉમાકાન્ત જોશીએ સમિ-તિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

અહેવાલ ઉપર શ્રી દિલીપભાઈ સંઘાણીએ સુધારો રજૂ કર્યો. સુધારા મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ઉમાકાન્ત જોશીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ ગૃહમાં રજુ થયેલા સન ૧૯૯૧–૯૨ માટેના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરુ થાય તે પહેલાં અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ છ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

સોમવાર, તા. ૪થી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા,

૨. પ્રશ્નોત્તરી દરમિયાન નર્મદા વિકાસ મંત્રીશ્રીના અગ્રતાક્રમ–૯ ના જવાબથી નારાજ થવાથી ભાજપના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

૩. શ્રીમતી ચંદ્રિકાબેન ચુડાસમાએ નિયમ–૧૧૬ અન્વયે "ગોંડલ તાલુકાના કેશવાળા ગામની એક હરિજન બાળા ઉપર પાંચ માણસોએ બળાત્કાર કરી ત્રાસ ગુજાર્યો" તે અંગે ધારાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. ઉદ્યોગ મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૯-૯૦ નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો સભા ગૃહના મેજ ઉપર મૂક્યા.

૫. સચિવશ્રીએ વિધાનસાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૧૯૯૧ નાં વિધેયક ક્રમાંક–૧ અને–૨ સભાગૃહના મેજ ઉપર મૂક્યાં.

૬. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઉપરોકત વિષય પર બુધવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

વધુ ઓગણીસ સભ્યશ્રીઓએ ભાગ લીધો

મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૯૧

પહેલી બેઠક

૧. પ્રશ્નો પુછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા,

૨. શ્રી સવજી કોરાટે નિયમ--૧૧૬ અન્વયે "અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓને થયેલી ખોરાકી ઝેરની અસર" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું ;

શિક્ષણ મંત્રી શ્રી, ડૉ. કરસનદાસ સોનેરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા—

૧. ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭–૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.

૨. તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્ય શ્રી સવજીભાઈ કોરાટના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૫૦૬ (અગ્રતાક્રમ—૯) જેતપુર તાલુકામાં આઈ. આર. ડી. પી. યોજના નીચે ઓઈલ એન્જિનની અરજીઓના અનુસંધાને વધારાની માહિતી.

૪. પંચાયતી રાજ સમિતિના પ્રમુખ, શ્રી ધૂળાભાઈ ગોહેલે સમિતિનો પહેલો અને બીજો અહેવાલ રજૂ કર્યો.

૫. સન ૧૯૯૧નું ગુજરાત પૂર્વપ્રસૂતિ ગર્ભનિદાન પરીક્ષણ નિયમન વિધેયક રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી, ડૉ. દિનેશભાઈ પરમારે સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

સોમવાર, તા. ૪થી માર્ચ, ૧૯૯૧ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૭. પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો:—

૧. સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક—૧૩ સન ૧૯૯૦નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત

રાખવા બાબત વિધેયક પ્રભારી સભ્ય, શ્રી વીરજીભાઈ મુનિયાએ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૨. સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક—૧૮ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક—પ્રભારી સભ્યશ્રી વિઠ્ઠલભાઈ શાહ.

૩. સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક—૧૬ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક—પ્રભારી સભ્ય, શ્રી નવીનભાઈ શાસ્ત્રી.

ઉકત બન્ને બિન-સરકારી વિધેયકોનો હેતુ એક સરખો હોવાથી બન્નેની ચર્ચા એકસાથે કરવાનું નક્કી કરવામાં આવ્યું.

વિધેયક ક્રમાંક—૧૮ પ્રભારી સભ્ય, શ્રી વિઠ્ઠલભાઈ શાહે પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ચર્ચાને અંતે વિધેયક મત પર મૂકતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. વિધેયક ક્રમાંક—૧૬ પ્રભારી સભ્ય, શ્રી નવીનભાઈ શાસ્ત્રીએ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. શ્રી નલિન ભટ્ટે નિયમ—૧૧૬ અન્વયે "વડોદરાની યુનિવર્સિટીની હોસ્ટેલમાં ફૂડ બિલમાં વધારાને કારણે સમગ્ર વિદ્યાર્થી આલમમાં વ્યાપેલ ભારે રોષ" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી, ડો. કરસનદાસ સોનેરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી કાનજીભાઈ પટેલે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "ધરમપુર તાલુકાના સીદુંબર ગામે આદિવાસી ઉપર થયેલ ગોળીબાર" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહમંત્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી કાન્તિલાલ સોલંકીએ બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

૫. અમદાવાદના પોલીસ કમિશનર તરફથી જાણ કરવામાં આવી હતી કે તા. ૪—૩—૯૧ના રોજ કેટલાક ભાજપના ધારાસભ્યશ્રીઓની ધરપકડ કરવામાં આવી હતી અને સાંજે એમને છોડી મૂકવામાં આવ્યા હતા. આ અંગેની જાહેરાત અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં કરી..

૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથા અને છેલ્લા દિવસ)

પહેલી બેઠક દરમિયાન અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને વધુ બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ આપ્યો.

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પૂરી થઈ.

બુધવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) પ્રશ્નોત્તરી દરમિયાન તારાંકિત પ્રશ્ન ક્રમાંક—૫૮૪૦ અગ્રતાક્રમ—૫ના પાણી પુરવઠા મંત્રીશ્રીના જવાબથી નારાજ થયેલા મહેસાણા જિલ્લાના ભાજપના ચાર સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા (બપોરના ૧૨-૩૮ વાગ્યે).

(૨) કોંગ્રેસ પક્ષના નેતાશ્રીએ, દિલ્હી ખાતે માજી વડા પ્રધાનશ્રીના નિવાસસ્થાને કરવામાં આવેલી જાસૂસીનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો તેમજ કોંગ્રેસના અન્ય સભ્યશ્રીઓએ આ સભાગૃહમાં એ અંગેનો કોઈક પ્રસ્તાવ રજૂ કરવામાં આવે એમ જણાવ્યું. પરંતુ નિયમો પ્રમાણે આ મુદ્દો સભાગૃહમાં રજૂ કરી શકાય નહિ એમ અધ્યક્ષશ્રીએ જણાવ્યું. પરંતુ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ આવો પ્રસ્તાવ રજૂ થાય એવો આગ્રહ રાખ્યો. ત્યાર બાદ કોંગ્રેસ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા. (બપોરના ૧—૦૫ વાગ્યે).

૩. શ્રી જશપાલસીંગે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "વડોદરામાં શરૂ થયેલાં કોમી રમખાણો" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્યમંત્રી શ્રી, ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. શ્રી વિનેન્દ્રસિંહ ઝાલાએ નિયમ—૧૧૬ અન્વયે "મોડાસા શહેરમાં એક પોલીસ ઈન્સ્પેકટર દ્વારા વકીલો સામે કરવામાં આવેલા બિભત્સ વર્તન" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૫. શ્રી કાનજીભાઈ પટેલે તા. ૫—૩—૯૧ના રોજ "ધરમપુર તાલુકાના સીદુંબર ગામે થયેલ ગોળીબારનો મુદ્દો' રજૂ કર્યો હતો. તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રી દ્વારા, વિરોધ પક્ષના નેતાશ્રીના અધ્યક્ષપદે તપાસ સમિતિ નિમાય તેમાં મુખ્ય મંત્રીશ્રીએ સંમતિ આપી.

૬. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક—૩૪૬૯ અગ્રતાક્રમ—૭ અંગેની વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકાઈ.

૭. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ઉમાકાન્ત જોશીએ, સમિતિનો દશમો અહેવાલ રજૂ કર્યો.

૮. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ઉમાકાન્ત જોશીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે :—

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના દશમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) :

શરૂઆતમાં મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે સન ૧૯૯૦—૯૧ના વર્ષ માટેની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) સાથે વાંચતા તેનો અનુચ્છેદ ૨૦૧ અન્વયેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગને લગતી માંગણી ક્રમાંક—૧૩, વન અને પર્યાવરણ વિભાગને લગતી માગણી ક્રમાંક—૨૭, સામાન્ય વહીવટ વિભાગને લગતી માગણી ક્રમાંક-૩૦, અને ૩૫, માર્ગ અને મકાન વિભાગને લગતી માગણી ક્રમાંક—૮૩ મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક—૧૩ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક—૧ અને ૨, માગણી ક્રમાંક—૨૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક—૩, માગણી ક્રમાંક—૩૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક—૪, માગણી ક્રમાંક-૩૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક—૫, ૬, ૭, ૮ અને માગણી ક્રમાંક—૮૩ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક—૯, ૧૦ અને ૧૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

૧૦. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે અંદાજ સમિતિની ભલામણ મુજબનું કામગીરી અંદાજપત્ર આપવામાં આવેલ નથી. આથી આ માગણી ક્રમાંક-૮૩ની ચર્ચા મોકૂફ રાખવી જોઈએ.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે બંદરોનો વહીવટ મેરી ટાઈમ બોર્ડ હસ્તક હોવાથી અત્યારે જે માહિતી આપવામાં આવેલ છે એ પર્યાપ્ત છે. આથી માંગણીની ચર્ચા મોકૂફ રાખવાનું ઉચિત નથી. પરંતુ ભવિષ્યમાં સરકાર તરફથી વધારે માહિતી આપાય એ બાબતમાં સરકાર કાળજી રાખે.

મુખ્ય મંત્રીશ્રીએ પણ તેનું કાળજીપૂર્વક પાલન કરવામાં આવશે તેમ જણાવ્યું.

ત્યારબાદ ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, સત્તર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ માગણીઓ પરની ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૧૩, ૨૭, ૩૦, ૩૫ અને ૮૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, અંદાજ સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી કાર્યક્રમમાં થયેલ ફેરફાર અંગેની જાહેરાત કરી.

૧૨. શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૪૬૯૦ (અગ્રતાક્રમ--૧૬)" ઈડર તાલુકાના નવા રેવાસ ગામની જમીન પર દબાણ."

સંબંધમાં માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ આપેલા જવાબ ઉપરથી અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમના મંતવ્યો રજુ કર્યા.

મહેસૂલ મંત્રી, શ્રી દલસુખભાઈ ગોંધાણીએ ચર્ચાનો જવાબ આપ્યો.

ચર્ચા પૂરી થઈ .

ગુરૂવાર, તા. ૭મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. શ્રી નરેશકુમાર રાવલે નિયમ--૧૧૬ અન્વયે "ધરોઈ ડેમમાંથી પાણી છોડવા પર કાપ મૂકવાના સરકારે લીધેલ નિર્ણય" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર જળ સંપત્તિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

જળ સંપત્તિ મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા,

૩. બુધવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧ ના રોજ સભાગૃહની બેઠક પછી ભા.જ.પ. ના પક્ષની બેઠકની જાસુસી કરવા માટે પકડાયેલા રાજ્યના એક એલ. આઈ. બી. ઈન્સ્પેકટર સામે પગલાં લેવાનો મુદ્દો ભાજ.પ ના સભ્યો તરફથી ઉપસ્થિત કરવામાં આવતાં, અધ્યક્ષશ્રીએ, તે અંગે તેમને સભ્યશ્રી અશોક ભટ્ટ તરફથી મળેલી ફરિયાદ અને તે અંગે સંબંધિત ઈન્સ્પેકટર ના લીધેલાં નિવેદનની વિગતો સભાગૃહ સમક્ષ રજૂ કરી અને તે અંગે ગૃહ મંત્રીશ્રીને તપાસ કરવા જણાવવામાં આવશે તેમ જણાવ્યું. આ તપાસને આધારે જે કાંઇ હકીકતો નીકળશે તે પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે તેમ જાહેર કર્યું.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

(૧) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૨) સન ૧૯૪૯ ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની મુંબઇ કોનેચર્ડ ડીપરિટ નિયમો ૧૯૫૯ ને સુધારતી તા. ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૦ની અધિસૂચના.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

ગૃહ વિભાગને લગતી માગણી ક્રમાંક ૪૬ રાજ્ય કક્ષાના પરિવહન મંત્રી, ડૉ. દિનેશભાઈ પરમારે રજૂ કરી તથા શ્રમ અને રોજગાર વિભાગને લગતી માગણી ક્રમાંક ૫૮ શ્રમ, રોજગાર અને પરિવહન મંત્રી, શ્રી રામસિંહ પરમારે રજૂ કરી.

માગણી ક્રમાંક : ૪૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩ અને ૪ તથા માગણી ક્રમાંક : ૫૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ. ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રમ, રોજગાર અને પરિવહન મંત્રી, શ્રી રામસિંહ પરમાર તેમજ રાજ્ય કક્ષાના પરિવહન મંત્રી, ડો. દિનેશભાઈ પરમારે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યાબાદ માગણી ક્રમાંક : ૪૬ અને ૫૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. (૧) શ્રી મણિભાઈ ચૌધરીએ "રાજ્યમાં ખેડૂત ગમે ત્યાં કૃષિ હતુ માટે જમીન ખરીદી શકે તેવો લેન્ડ રેવન્યુ કોડમાં સુધારો કરવા" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

પંદર સભ્યશ્રીઓએ તથા એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રી મણિભાઈ ચૌધરીએ આપ્યો.

સંકલ્પ મત ઉપર મૂકવામાં આવતાં, શ્રી સુરેશચંદ્ર મહેતાએ વિભાજનની માગણી કરતાં તેનો સ્વીકાર થયો અને સભ્યોને પોતાની જગ્યાએ ઉભા કરીને વિભાજન કરતા સંકલ્પની તરફેણમાં ૬૨ અને વિરુદ્ધમાં ૯૧ મત પડ્યા, તેથી સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) ડો. કનુભાઈ માવાણીએ "પોલીસ તંત્રની અસરકારતા વધે તે માટેનો એકશન પ્લાન તૈયાર કરવા" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

શ્રીમતી ચંદ્રિકાબહેન ચુડાસમાએ સંકલ્પ ઉપરનો પોતાનો સુધારો રજૂ કર્યો.

ચર્ચાનો જવાબ ડો. કનુભાઈ માવાણીએ આપ્યો.

ત્યારબાદ શ્રીમતી ચંદ્રિકાબહેન ચુડાસમાએ સભાગૃહની અનુમતિથી પોતાનો સંકલ્પ પરનો સુધારો પાછો ખેંચ્યો.

સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૭. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૮. સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે:—

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

શુક્રવાર, તા. ૮ મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી મહેન્દ્ર ત્રિવેદીએ નિયમ-૧૧૬ અન્વયે "રાજ્યની પોલિટેકનિકોના અધ્યાપકો હાલમાં તેમના વણઉકલ્યા પ્રશ્નો અંગે હડતાલ ઉપર છે" તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શિક્ષણ, મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી ડો. કરસનદાસ સોનેરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી દિલીપભાઈ પરીખે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી " ધંધુકામાં શાળાના મેદાનમાં પ્રાર્થના કરતા વિદ્યાર્થીઓ ઉપર થયેલા હુમલા" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી; શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ આ મુદ્દાનો જવાબ પોતે સોમવાર, તા. ૧૧-૩-૯૧ના રોજ આપશે એમ જણાવ્યું ત્યારે નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે પ્રણાલિકા પ્રમાણે આવો અગત્યનો મુદ્દો જે દિવસે સંબંધિત મંત્રીશ્રી જવાબ આપવા સંમત થાય તેજ દિવસે રજૂ કરવામાં આવે છે તે વાજબી છે અને તે જ અનુસરવામાં આવે તો યોગ્ય થશે. તેથી હવે પછી કયું ધોરણ અપનાવવામાં આવશે તે અંગે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અત્યારે આ મુદ્દો રજૂ કરવાની અને તેનો જવાબ સોમવારે આપવાની મેં અનુમતિ આપી છે તેથી તે પ્રમાણે કરવાનું રહે છે. પરંતુ આ બાબતમાં શું પ્રણાલી અપનાવવી તે અંગે વિચારણા કરીને નિર્ણય પાછળથી જાહેર કરીશ.

૪. તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૧૬૨, (અગ્રતાક્રમ-૧૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકી.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

મહેસૂલ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૭૪, ૭૫ અને ૭૭ તથા કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૬ મહેસૂલ અને સહકાર મંત્રી, શ્રી દલસુખભાઈ ગોધાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક: ૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૫, ૬ અને ૭, માગણી ક્રમાંક: ૭૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક: ૭૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૧૮, માગણી ક્રમાંક: ૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૧૯, ૨૨ અને ૨૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ સત્તર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મહેસૂલ અને સહકાર મંત્રી, શ્રી દલસુખભાઈ ગોધાણીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૩, ૫ થી ૭, ૯ થી ૧૨, ૧૪ થી ૧૬, ૧૮ અને ૧૯ તથા ૨૨ અને ૨૩ મત ઉપર મુકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૭૪, ૭૫, ૭૭ અને ૬ મત ઉપર મૂકવામાં આવતાં શ્રી અશોક ભટ્ટે વિભાજનની માગણી કરતાં તેનો સ્વીકાર થયો અને સભ્યોને પોતાની જગ્યાએ ઉભા કરીને વિભાજન કરતાં માગણીની તરફેણમાં ૮૩ અને વિરુધ્ધમાં ૬૩ મત પડયા આથી માગણીનો સ્વીકાર કરવામાં આવ્યો.

સોમવાર, તા. ૧૧ મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી નલિન ભટ્ટે, નિયમ ૧૧૬ અન્વયે "વડોદરા શહેરમાં લઠ્ઠો પીવાને કારણે અનેક લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડેલા" તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મુકાયા :—

૧. તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૨૪૦, (અગ્રતાક્રમ-૭)ના અનુસંધાને વધારાની માહિતી.

૨. તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૪૭૨૩, (અગ્રતાક્રમ-૧)ના અનુસંધાને વધારાની માહિતી.

૪. શ્રી દિલીપભાઈ પરીખે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી તા. ૮મી માર્ચ, ૧૯૯૧ના રોજ ઉપસ્થિત કરેલા "ધંધુકામાં શાળાના મેદાનમાં પ્રાર્થના કરતા વિદ્યાર્થીઓ ઉપર થયેલા હુમલા" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. સોમવાર, તા. ૧૧મી માર્ચ, ૧૯૯૧ના રોજ "કોમનવેલ્થ દિન" હોવાથી ગુજરાત શાખાના પ્રમુખના નાતે અધ્યક્ષશ્રીએ તેમનું નિવેદન સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યું.

૬. તા. ૧૯મી અને તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભ્ય, શ્રી દિલીપભાઈ સંઘાણીએ એમના વકતવ્ય દરમિયાન અધ્યક્ષશ્રી વિશે જે શબ્દો બોલાયા હતા તે સભ્યશ્રીના વકતવ્યમાંથી દૂર કરવાની જાહેરાત કરી.

૭. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું કે ગુજરાત વિધાનસભાના સભ્યોને ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો રાજપત્રમાં પ્રસિધ્ધ થયા છે અને તેનો અમલ તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧થી પશ્યાતવર્તી અસરથી કરવાનું ઠરાવ્યું છે તે

બરાબર નથી. ચર્ચાને અંતે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે આ મુદ્દાની ચર્ચા કામકાજ સલાહકાર સમિતિમાં કરવામાં આવશે એમ સભાગૃહમાં નક્કી થયા પછી ૨-૩ વખત એ સમિતિમાં આ મુદ્દાની ચર્ચા પણ થઈ હતી. ત્યારબાદ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો સભાગૃહે મંજૂર કરી છે. તે મુજબ આ નિયમો ઉપર સુધારા રજૂ કરવાની અને તેના ઉપર ચર્ચા કરવાની તારીખ નક્કી થયેલ છે. મૂળ નિયમો જ આખરી ન હોય તો તેના પર સુધારા સંભવી શકે નહિ તેથી આમ નક્કી થયું.

૮. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી કાન્તિલાલ સોલંકીએ સમિતિનો ચોથો અને પાંચમો અહેવાલ રજૂ કર્યો.

૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ).

ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૪૯, ૫૦ અને ૫૧ તથા કાયદા વિભાગને લગતી માગણી ક્રમાંક: ૬૧ અને ૬૨ ઉદ્યોગ, કાયદો અને ન્યાય મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક : ૪૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩ અને ૪, માગણી ક્રમાંક-૫૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૭,૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક ૫૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક-૬૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૨૧, ૨૨, ૨૪ અને ૨૫ તથા માગણી ક્રમાંક-૬૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, ઓગણીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ ઉદ્યોગ, કાયદો અને ન્યાય તંત્ર મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૪, ૭, ૧૦ થી ૧૨, ૧૪ થી ૧૯, ૨૧ અને ૨૨, ૨૪ થી ૨૬ અને ૨૮ અને ૩૦ થી ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૪૯, ૫૦, ૫૧, ૬૧ અને ૬૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૧૧. સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે :—

"આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય"

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૨. શ્રી ભગુભાઈ પટેલે તા. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૪૮૫, (અગ્રતાક્રમ-૧) ચોર્યાસી તાલુકામાં જૂથ યોજના શરૂ કરવા ધારાસભ્યશ્રી દ્વારા રજૂઆતના સંબંધમાં માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ આપેલ જવાબ ઉપરથી અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમનાં મંતવ્ય રજૂ કર્યા.

પાણી પુરવઠા મંત્રી, શ્રી ઠાકોરભાઈ નાયકે ચર્ચાનો જવાબ આપ્યો.

ચર્ચા પૂરી થઈ.

મંગળવાર, તા. ૧૨ મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી મનોહરસિંહજી જાડેજાએ સોમવાર, તા. ૧૧ મી માર્ચ, ૧૯૯૧ ની કાર્યવાહી બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને બે મુદ્દા રજૂ કર્યા:—

૧. હીરા ઉદ્યોગની બાબતમાં ઉદ્યોગ મંત્રીશ્રીએ જવાબ આપતી વખતે અમુક માહિતી સત્તાવાર નથી. તેમ જણાવ્યું તે યોગ્ય નથી કારણ કે સભાગૃહમાં જે કાંઈ માહિતી અપાય તે સત્તાવાર અને અધિકૃત હોવી જોઈએ.

૨. ગુજરાત વિધાનસભાના સભ્યોને ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો રાજપત્રમાં પ્રસિદ્ધ થયા છે અને તેનો અમલ તા. ૧૩ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ની પશ્ચાતવર્તી અસરથી કરવાનું ઠરાવ્યું છે પરંતુ ઉકત નિયમો મંજૂર રાખવાની કોઈ નોટિસ આપવામાં આવી નહોતી અને નિયમો પ્રમાણે નોટિસ વેઈવ થઈ શકે નહિ. પત્ર-વ્યવહારને નોટિસ કહી શકાય નહિ. નોટિસ ગૃહના બધા સભ્યેશ્રીઓને આપેલી હોવી જોઈએ. આ કિસ્સામાં તેમ થયું નથી. તેવા તેમના મંતવ્ય અંગે નિર્ણય આપવા વિનંતી કરી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું કે આ બન્ને મુદ્દા અંગે તેઓ પછીથી નિર્ણય જાહેર કરશે.

૩. શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયાએ નિયમ-૧૧૬ અન્વયે "ધોરાજીમાં બે જૂથો વચ્ચે અથડામણ થતાં ગોળીબારના બનાવ" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા:—

૧. સન ૧૯૬૧ ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની સન ૧૯૬૨ ના ગુજરાત ગ્રામ અને નગર પંચાયત ચૂંટણી નિયમોને વધુ સુધારતી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની તા. ૧૦ મી ઓકટોબર, ૧૯૯૦ ની અધિસૂચના.

૨. કાયદા વિભાગની—

(અ) સન ૧૯૬૦ ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના મુસાફરી તથા દૈનિક ભથ્થાં નિયમો સુધારતી તા. ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧ ની અધિસૂચના.

(બ) સન ૧૯૭૯ ના ગુજરાત વિધાનસભાના (વિરોધ પક્ષના નેતા) પગાર અને ભથ્થાં નિયમો સુધારતી તા. ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧ ની અધિસૂચના.

૫. (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના સભ્ય, શ્રી હિરાજી ડામોરે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખ, શ્રી સુભાષચંદ્ર શેલને સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શિક્ષણ વિભાગને લગતી માગણી ક્રમાંક ૯ અને ૧૦ શિક્ષણ મંત્રી, ડો. કરસનદાસ સોનેરીએ રજૂ કરી તથા સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક ૮૭ નશાબંધી અને આબકારી મંત્રી, શ્રી કરમશીભાઈ મકવાણાએ રજૂ કરી.

માગણી ક્રમાંક : ૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ માગણી ક્રમાંક : ૧૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૪, ૧૬ અને ૧૮ માગણી ક્રમાંક : ૮૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૯ અને ૨૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, સોળ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રી, ડો. કરસનદાસ સોનેરીએ તથા નશાબંધી અને આબકારી મંત્રી શ્રી કરમશીભાઈ મકવાણાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૨ થી ૪, ૬ થી ૧૨, ૧૪, ૧૬ અને ૧૮ થી ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૯, ૧૦ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૩. શ્રી જયનારાયણ વ્યાસે તા. ૨૨ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૪૦૮૯, (અગ્રતા ક્રમ : ૧૨) હીરા ઉદ્યોગમાં મંદીથી બેકાર થયેલા કારીગરોને ઉગારવા સરકારે લેવાં ધારેલાં પગલાંના સંબંધમાં માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ આપેલા જવાબમાંથી ઉપસ્થિત થયેલી બાબતો અંગે અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

ઉદ્યોગ, મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ ચર્ચાનો જવાબ આપ્યો.

ચર્ચા પૂરી થઈ.

બુધવાર, તા. ૧૩ મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨ શ્રી તારાચંદ છેડાએ નિયમ-૧૧૬ અન્વયે "અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના કાસીન્દ્રા વિસ્તારમાં તાજેતરમાં સિંચાઈ ખાતાના કર્મચારીઓની બેદરકારીથી આડેધડ પાણી છોડવામાં આવતાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થયું છે" તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર જળસંપત્તિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

જળસંપત્તિ મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી સુંદરસિંહ ચૌહાણના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૮૦૦ (અગ્રતાક્રમ-૨)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૪. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી ધૂળાભાઈ ગોહેલ સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કર્યો.

૫. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી ધૂળાભાઈ ગોહેલ પ્રસ્તાવ રજૂ કર્યો કે :—

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય".

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો,

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૫ તથા વન અને પર્યાવરણ વિભાગને લગતી માગણી ક્રમાંક-૨૬ તથા સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૮૯, ૯૧ અને ૯૨ મત્સ્યોદ્યોગ, વન અને આદિજાતિ મંત્રીશ્રી, શ્રી મોહનસિંહ રાઠવાએ રજૂ કરી.

માગણી ક્રમાંક: ૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭, માગણી ક્રમાંક: ૨૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક: ૮૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ માગણી ક્રમાંક: ૯૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, અને ૩૧, માગણી ક્રમાંક: ૯૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, અઢાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મત્સ્યોદ્યોગ, વન અને આદિજાતિ મંત્રી, શ્રી મોહનસિંહ રાઠવાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક: ૧ થી ૭, ૯ થી ૧૧, ૧૩ થી ૧૯, ૨૧ થી ૨૯ અને ૩૧ થી ૩૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૫, ૨૬, ૮૯, ૯૧ અને ૯૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭.૧ માર્ચ, તા. પમી માર્ચ, ૯૧ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) બિન-સરકારી વિધેયકની ચર્ચા દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ કરેલી જાહેરાત અનુસાર વિધાનસભા સચિવાલયમાં ભરતીના નિયમો અંગે ભલામણ કરવા માટે માનનીય ઉપાધ્યક્ષશ્રીના પ્રમુખપદે સમિતિની રચનાની જાહેરાત કરી.

૨. ચાર નાણાકીય સમિતિઓ ઉપર ભરાયેલાં નામનિર્દેશનપત્રો પાછા ખેંચવાની સમય મર્યાદા શુકવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૯૧ સુધી લંબાવવામાં આવી છે તેની જાહેરાત કરી.

૯. ચર્ચા માટે દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)

(૧) પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું કે આ પ્રસ્તાવ મધ્યાનિક પ્રસ્તાવ હોવાથી ખરેખર તો એ નિયમ-૧૦૦ હેઠળ આવવો જોઈએ. જયારે ચર્ચા વાટે કોઈ દિવસ નકકી ન થયો હોય એવા પ્રસ્તાવો નિયમ-૧૦૧ હેઠળ આવી શકે.

અન્ય સભ્યશ્રીઓને અને કાયદા મંત્રીશ્રીને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ કયા સંજોગોમાં આ પ્રસ્તાવ નિયમ-૧૦૧ હેઠળ લાવવામાં આવ્યો છે તે જણાવ્યું અને જે થયું છે તે યોગ્ય થયું છે તેમ દર્શાવી સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાનો મુદ્દો નામંજૂર કર્યો.

(૨) આ તબક્કે સભ્ય, શ્રી વીરજીભાઈ મુનિયાએ એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આ પ્રસ્તાવ ઉપરના જે સુધારા છે એ શરૂઆતના એક સિવાયના અંગ્રેજી ભાષામાં છે. એટલે અમને ચર્ચામાં ભાગ લેવામાં મુશ્કેલી પડશે. આથી આ પ્રસ્તાવમાં જે સુધારા સૂચવવામાં આવ્યા છે એ અમને ગુજરાતી ભાષામાં આપવામાં આવે અને, ત્યાં સુધી આ ચર્ચા મુલતવી રાખવામાં આવે.

અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું કે આ પ્રસ્તાવ ઉપરના સુધારા આવ્યા પછી ટૂંકા ગાળામાં એની ચર્ચા હાથ ઉપર લેવાની હતી એથી એ સુધારાનું ગુજરાતી ભાષાંતર થઈ શક્યું નથી.

મુખ્યમંત્રીશ્રીએ એમ જણાવ્યું કે આ સુધારાનું ગુજરાતી ભાષાંતર થઈ ગયા પછી એ ચર્ચા માટે હવે પછી લેવામાં આવે તો સરકારને વાંધો નથી.

ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તા. ૧૪મી માર્ચ, ૧૯૯૧ના રોજ કામકાજ સલાહકાર સમિતિમાં આ અંગેની વિચારણા કરીને આ બાબત ગૃહમાં કયારે હાથ ધરવી એનો નિર્ણય કરવામાં આવશે. તદનુસાર નિયમ-૧૦૧ના પ્રસ્તાવો હાથ ધરવામાં ન આવ્યા.

ગુરૂવાર, તા. ૧૪મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી જયનારાયણ વ્યાસે નિયમ-૧૧૬ અન્વયે "મહેસાણા જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ઉનાવા ગામે અને તેની આજુબાજુનાં ગામોનાં એતરોમાં ઓ. એન. જી. સી. ખાતાએ ડ્રિલિંગ કામ માટે તેનાં વાહનો હંકારી ઉભા પાકને ભારે નુકસાન પહોંચાડયું છે" એ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રી, શ્રી શંકરજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. વર્તમાનપત્રોમાં આપેલ જાહેરખબરો પાછળ માહિતી ખાતાએ કરેલા ખર્ચ અંગેના પ્રશ્ન ક્રમાંક : ૬૦૬૫ ના લેખિત જવાબમાં આ માહિતી ખાનગી છે તેમ જણાવ્યું તે સંબંધે સભ્ય, શ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે જાહેરખબર પાછળના ખર્ચની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવે છે અને તેમાંથી કેટલો ખર્ચ થયો તે જાણવાનો આ ગૃહને અધિકાર છે. પરંતુ તે બાબત ખાનગી છે તેમ કહી સરકાર માહિતી આપતી નથી. તે વાત બરાબર નથી. તેમણે ચોક્કસ કયો ખર્ચ ખાનગી ગણાય અને કયા ખર્ચના આંકડા આપવા જોઈએ તેનાં ધોરણો સ્પષ્ટ કરવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતા જણાવ્યું કે જવાબમાં માહિતી ખાનગી છે એવું જણાવ્યું છે ત્યારે સભ્યશ્રીનો આગ્રહ એવો છે કે ખર્ચના આંકડા આપવા જોઈએ. કઈ બાબત ખાનગી ગણવી તે સરકારે નક્કી કરવાનું થાય. પરંતુ કુલ ખર્ચની રકમ આપવી વાજબી થાય.

૪. શ્રી મહેન્દ્ર ત્રિવેદીએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "જામનગરની ઈરવીન હોસ્પિટલમાં એક બાળકીના ગાંઠના થયેલા ઓપરેશન" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી, ડો. દિનેશભાઈ પરમારે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

(૧) સન ૧૯૭૭ ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગની :—

(અ) તા. ૨૬મી નવેમ્બર, ૧૯૯૦ ની અધિસૂચના

(બ) તા. ૨૯મી નવેમ્બર, ૧૯૯૦ ની અધિસૂચના

(ક) તા. ૪થી માર્ચ, ૧૯૯૧ ની અધિસૂચના,

(૨) ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૮૭—૮૮ ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ, સન ૧૯૮૯—૯૦ નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૧૯૯૦—૯૧ ના અંદાજપત્રકો તથા સન ૧૯૮૭—૮૮ ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૩) ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડના સન ૧૯૮૮--૮૯ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૪) (અ) ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડનો સન ૧૯૯૦--૯૧ નો કાર્યક્રમ.

(બ) સન ૧૯૭૩ ના ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડ અધિનિયમ અન્વયેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા. ૩--૭--૯૦ ની અધિસૂચના.

(૫) તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી કનુભાઈ માવાણીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૫૧૬૮ (અગ્રતાક્રમ--૨) ના અનુસંધાને વધારાની માહિતી.

૬. સચિવશ્રીએ વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૧૯૯૧ નાં વિધેયક ક્રમાંક ૫, ૬ અને ૨૦ સભાગૃહનાં મેજ ઉપર મૂકયાં.

૭. માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ સભાગૃહમાં બિનસરકારી સંકલ્પ ઉપરની ચર્ચા દરમિયાન સભ્ય શ્રી અશોક ભટ્ટે તેમના વકતવ્યમાં જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે તેમના વકતવ્યમાંથી દૂર કરવા અંગેની જાહેરાત કરી.

૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન સાતમા દિવસે ચાલુ રહ્યું.

માર્ગ અને મકાન વિભાગને લગવી માગણી ક્રમાંક : ૮૧, ૮૨ અને ૮૪ માર્ગ--મકાન અને સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે રજૂ કરી.

ઉપરોકત માગણીઓ ઉપરની કાપદરખાસ્ત સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરુ થઈ બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માર્ગ, મકાન અને સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્તો એકી સાથે સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક ૮૧, ૮૨, અને ૮૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. બિન-સરકારી વિધેયકો.

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો.

નીચેનાં બિન-સરકારી વિધેયકોનાં પહેલાં વાચનના પ્રસ્વાવો રજૂ થયા અને ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી તે વિધેયકો પાછા ખેંચી લેવામાં આવ્યા.

૧. સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક--૧૦—સન--૧૯૯૦ નું ગુજરાત ખેતમજૂર તપાસ વિધેયક, પ્રભારી સભ્ય, શ્રી ઈશ્વરસિંહ ચાવડા.

૨. સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક-૧૧—સન--૧૯૯૦ નું ગુજરાત રાજ્ય સરકારની નીતિઓ અને કાર્યક્રમોનો અમલ કરવા માટે જિલ્લા સમિતિઓ બાબત વિધેયક.

પ્રભારી સભ્ય, શ્રી ઈશ્વરસિંહ ચાવડા

૩. સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક--૧૨—સન--૧૯૯૦ નું ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે દાન સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક. પ્રભારી સભ્ય, શ્રી ઈશ્વરસિંહ ચાવડા.

શુક્રવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી લેખરાજ બચાણીએ નિયમ--૧૧૬ અન્વયે "વીધીવાડી ગામે આદિવાસી ભીલ યુવતિ પર થયેલ બળાત્કારના બનાવ" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાંત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા—

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૧૯૮૯—૯૦ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારવના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

૪. શ્રી મહેન્દ્ર ત્રિવેદીએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "પાલિતાણા ભાવનગર બસના અકસ્માત" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. (૧) અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સોળમો અહેવાલ રજૂ કર્યો.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ચમનજી ઠાકોરે સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

૬. સંસદીય બાબતોના મંત્રી શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યા કે.—

"આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય." પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન આઠમા દિવસે ચાલુ રહ્યું.

કૃષિ, સહકાર અને ગ્રામવિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૨ અને ૩ તથા સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૮૮ કૃષિ મંત્રી, શ્રી શંકરજી ઠાકોરે રજૂ કરી.

ઉપરોકત માગણીઓ પરની કાપદરખાસ્તો સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, વીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ કૃષિ મંત્રી, શ્રી શંકરજી ઠાકોરે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૮, ૧૦, ૧૧ અને ૧૩ તથા ૧૮ થી ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૨, ૩ અને ૮૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, અંદાજ સમિતિ અને પંચાયતીરાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણીના કાર્યક્રમમાં થયેલ ફેરફાર અનુસાર નામ-નિર્દેશનપત્રો પાછાં ખેંચવાની સમય-મર્યાદા તા. ૧૯મી માર્ચ, ૧૯૯૧ સુધી લંબા-વવામાં આવી છે તેની જાહેરાત કરી.

સોમવાર, તા. ૧૮ મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પુછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી કાનજીભાઈ પટેલે નિયમ ૧૧૬ અન્વયે "વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉમરવાડી ગામે કેટલીક માથાભારે વ્યકિતઓ દ્વારા નજીવી ચોરી બાબતે એક આદિવાસીને મારી નાખતાં" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજય કક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. સભ્ય, શ્રી સુરેશચંદ્ર મહેતાએ અધ્યક્ષશ્રી પાસેથી એવી માહિતી જાણવાનો પ્રયાસ કર્યા કે પક્ષાંતર બદલ સભ્યને ગેરલાયક કરાવવાના નિયમોને સભાગૃહની મંજૂરી મળી ગઈ છે અને આથી આ નિયમો પ્રમાણે પક્ષના સભ્યશ્રીઓએ ફોર્મ ભરીને ૩૦ દિવસમાં અધ્યક્ષ-શ્રીને માહિતી આપવાની હોય છે. તો આવી માહિતી અધ્યક્ષશ્રી પાસે આવી કે કેમ તે જાણવાનો સભાગૃહનો અધિકાર છે.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતા જણાવ્યું કે શ્રી સુરેશભાઈએ જે મુદ્દો ઉઠાવ્યો છે એમાં કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર કે પોઈન્ટ ઓફ ઈન્ફરમેશન નથી. કારણ કે અત્યારે એજન્ડા ઉપર આ અંગેનું કોઈ કામકાજ નથી.

આ તબકકે સભ્ય, શ્રી પ્રવીણસિંહજી જાડેજા અને શ્રી જશપાલસીંગ તથા ભા. જ. પ. ના બધા ધારાસભ્યશ્રીઓ અધ્યક્ષશ્રીની સામેની જગ્યામાં ગૃહની વચ્ચે ધસી ગયા. આ સભ્યશ્રીઓને એમની જગ્યા પર બેસી જવાની અધ્યક્ષશ્રીની વિનંતીની અવગણના થતાં સભાગૃહ અડધા કલાક માટે મુલતવી રાખવામાં આવ્યું.

અડધા કલાક પછી સભાગૃહ ફરીથી મળ્યું ત્યારે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહની કાર્ય-વાહી આગળ ન ચાલી શકે એવું જે વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું એ યોગ્ય નથી. સભ્ય, શ્રી સુરેશભાઈનો માહિતી મેળવવાનો આ પ્રયાસ અને પધ્ધતિ યોગ્ય નથી.

ત્યારબાદ, અધ્યક્ષશ્રીએ પ્રસ્તુત નિયમો હેઠળ પક્ષોએ આપવાની માહિતી સંબંધમાં પ્રવર્તતી પરિસ્થિતિની ગૃહને જાણ કરી.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :--

(૧) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સન ૧૯૬૩ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (કર્મચારીવર્ગ) વિનિયમો સુધારતી તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧ ની અધિસૂચના.

(૨) તા. ૧૧મી માર્ચ, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્ય, શ્રી ઈશ્વરસિંહ ચાવડાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૬૧૮૨ (અગ્રતાક્રમ--૨)ના અનુસંધાને વધારાની માહિતી.

(૩) તા. ૧૨મી માર્ચ, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી માનસિંહ ચૌહાણના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૪૦૧ (અગ્રતાક્રમ-૨) ના અનુસંધાને વધારાની માહિતી.

૫. જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ, શ્રી ભરત બારોટે એ સમિતિનો પહેલો અને બીજો અહેવાલ રજૂ કર્યો.

૬. આરોગ્ય મંત્રી, શ્રી બાબુભાઈ વાસણવાળાએ સને ૧૯૯૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન નવમા દિવસે ચાલુ રહ્યું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૩૯ અને ૪૦ આરોગ્ય મંત્રી, શ્રી બાબુભાઈ વાસણવાળાએ રજૂ કરી.

નર્મદા અને જળ સંપત્તિ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૪ નર્મદા વિકાસ મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે રજૂ કરી.

ઉપરોકત માગણીઓ ઉપરની કાપદરખાસ્ત સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા — શરૂ થઈ, ચૌદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ આરોગ્ય મંત્રી, શ્રી બાબુભાઈ વાસણવાળાએ તથા નર્મદા વિકાસ મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧થી ૫, ૮ અને ૯, ૧૨ અને ૧૩ અને ૧૬ અને ૧૮ થી ૨૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૩૯, ૪૦ અને ૬૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. અરધા કલાકની ચર્ચા (નિયમ-૯૨)

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૪૧૪૩ (અગ્રતાક્રમ: ૪) "વ્યારાના જંગલમાં વૃક્ષોના ગેરકાયદેસર કપાણ અંગેના અહેવાલ" ના સંબંધમાં માનનીય વન મંત્રીશ્રીએ આપેલ જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપરની ચર્ચા.

પ્રભારી સભ્ય, શ્રી કાન્તિલાલ સોલંકી, ગેરહાજર હોવાથી હાથ ધરી શકાઈ નહીં.

મંગળવાર, તા. ૧૯મી માર્ચ, ૧૯૯૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યાં.

શ્રી દેવાણંદભાઈ સોલંકીએ નિયમ--૧૧૬ અન્વયે " ફેશોદ શહેરમાં પોલીસના અમાનવીય ત્રાસથી સળગીને એક યુવાને આપઘાત કરવાના બનેલા બનાવ" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી એસ. એસ. સી. પરીક્ષાના પ્રશ્નોપત્રો ફુટી જવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી, ડો. કરસનદાસ સોનેરીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :--

(૧) ગુજરાત સરકારના સન ૧૯૮૮--૮૯ના વર્ષના નાણાકીય હિસાબો

(૨) ગુજરાત સરકારના સન ૧૯૮૮--૮૯ના વર્ષના વિનિયોગ હિસાબો.

(૩) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૮--૮૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલકી)

(૪) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૮--૮૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલી આવક)

(૫) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૮--૮૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજ્યિક)

(૬) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૯૦-૯૧ના વર્ષનું અંદાજપત્રક.

(૭) કાયદા વિભાગની--

(અ) સન ૧૯૬૦ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના મુસાકરી તથા દૈનિક ભથ્થાં નિયમો સુધારતી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ની અધિસૂચના

(બ) સન ૧૯૬૩ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના તબીબી સંભાળ અને સારવાર બાબતના નિયમો સુધારતી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧નો અધિસૂચના.

(ક) સન ૧૯૬૩ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના વાહન નિભાવ અને મરામત (સુધારા) બાબતના નિયમો સુધારતી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ની અધિસૂચના.

૫. તા. ૧૨મી માર્ચ, ૧૯૯૧ના રોજ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉદ્યોગ મંત્રીશ્રીના અધિકૃત જવાબ અંગે તેમજ ગુજરાત વિધાનસભાના સભ્યોને ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો અંગે જે મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા તેનો નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર કર્યો.

૬. માંગણીઓ પર ચર્ચા અને મતદાન દસમા દિવસે ચાલુ રહ્યું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતી માંગણી ક્રમાંક : ૯૪, ૯૫, અને ૯૬ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને લગતી માંગણી ક્રમાંક : ૯૯ શહેરી વિકાસ અને યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી, શ્રી નરહરિ અમીને રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ અને તેના ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ. સત્તાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શહેરી વિકાસ અને યુવક સેવાઓ અને સાંસ્કૃતિક મંત્રી શ્રી નરહરિ અમીને આપ્યો.

પ્રથમ ઉપર્યુંકત માંગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૩ થી ૭, ૧૨ થી ૧૪, ૧૬ અને ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માંગણી ક્રમાંક : ૯૪, ૯૫ અને ૯૬ અને ૯૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. ચારેય નાણાંકીય સમિતિઓ ઉપર નામનિર્દેશન પત્રો પાછાં ખેંચવાની મુદત તા. ૨૦મી માર્ચ, ૧૯૯૧ સુધી લંબાવવામાં આવી તે અંગેની જાહેરાત માનનીય અધ્યક્ષશ્રીએ કરી.

